
*Shree Kundkund-Kahan Parmarthik Trust*
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com


Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**

❀ સર્વજ્ઞમહાવીરનું ધર્મચક્ર જગતના જીવોને મંગલકારી છે ❀



## * આ રા ધ ના - ભા વ ના *

સમ્યક્ત્વ દર્શન જ્ઞાન ચારિત્ર સદા ચાહૂં ભાવસોં,
દસલક્ષણી મૈં ધર્મ ચાહૂં મહા હર્ષ ઉછાવસોં,
મૈં સાધુ જનકો સંગ ચાહૂં, પ્રીતિ મનવચકાયજી,
આરાધના ઉત્તમ સદા ચાહૂં સૂનો જિનરાયજી.

તંત્રીઃ પુરુષોત્તમદાસ શિવલાલ કામદાર * સંપાદકઃ બ્ર. હરિલાલ જૈન
વીર સં. ૨૫૦૧, ભાદરવો ( લવાજમઃ છ રૂપિયા ) વર્ષ ૩૨ઃ અંક ૧૧

# સમ્પાદકીય

## * પર્યુષણપર્વ......ઉત્તમક્ષમાનું આરાધન *

શ્રી જિનશાસનની મંગલછાયામાં દેવ-ગુરુ-ધર્મની ભક્તિપૂર્વક અને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની ભાવનાપૂર્વક દશલક્ષણી-પર્યુષણપર્વ ભારતભરમાં આપણે સૌએ આનંદથી ઉજવ્યા...વીરનાથનું વીતરાગી શાસન ધાર્મિકભાવનાઓની ઝળકી ઉઠ્યું. આ વીતરાગી પર્વની પૂર્ણતા પ્રસંગે પરમ ભક્તિપૂર્વક દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે, તથા અત્યંત ધર્મવાત્સલ્યપૂર્વક સમસ્ત સાધર્મીજનો પ્રત્યે હાર્દિક ક્ષમાપના ચાહું છું.

વીરનાથપ્રભુના નિર્વાણના અઢીહજારવર્ષની પૂર્ણતાનું જે મહાન વર્ષ આપણે ઉજવી રહ્યા છીએ તે વર્ષનું આ મંગલ પર્વ આપણને સદાય આરાધનાનો ઉત્સાહ તથા પ્રેરણા આપ્યા કરો, ધર્મલાભ સૌને થાઓ, ને સર્વત્ર આનંદમય ધર્મપ્રેમનું મધુરું વાતાવરણ પ્રસરી રહો-એમ પ્રાર્થીએ છીએ.

અહા, ધન્યભાગ્ય છે કે આજે આપણને વીરનાથપ્રભુનો માર્ગ મળ્યો છે...તેમની જ વાણીનું રહસ્ય આજે ગુરુદેવ દ્વારા આપણને પ્રાપ્ત થાય છે...અને તે જ વીરવાણી 'આત્મધર્મ' માં પીરસાય છે. દેવ-ગુરુ-ધર્મના મહિમાને અને તેમના માર્ગને પ્રસિદ્ધ કરવાનું કાર્ય આત્મધર્મ આજ ૩૨ વર્ષોથી કરી રહ્યું છે, ને હજારો મુમુક્ષુઓ ગૌરવપૂર્વક તેનો લાભ લઈ રહ્યા છે...તેના દ્વારા ભારતના હજારો મુમુક્ષુઓનો એક સુંદર સાધર્મી-પરિવાર રચાઈ ગયો છે.

મુમુક્ષુને પોતામાં કષાય નથી ગમતો ને શાંતિ ગમે છે, એટલે જેમ પોતામાં ધર્મ વહાલો છે, તેમ બહારમાં સાધર્મીઓ પણ તેને એવા જ વહાલા છે. 'આ મારા સાધર્મી છે' એટલી માત્ર હૃદયની ઊર્મિ પણ ગમે તેવા કષાયભાવને તોડી નાંખવા સમર્થ છે. સાધર્મિકતાના સ્નેહમાં દુન્યવી પ્રસંગો અંતરાય કરી શકતા નથી. ક્ષમા અને ધર્મપ્રેમના શાંત ભાવવાળું શસ્ત્ર, પરમ અહિંસક હોવા છતાં સામાના હૃદયને એવું વીંધી નાંખે છે કે તે વશ થઈ જાય છે...ને પરસ્પર એકબીજાના આરાધકભાવની પ્રશંસા-પ્રેમ-પ્રોત્સાહનવડે મિત્રતાનું અનોખું વાતાવરણ સરજી દે છે. સૌના હૃદયની મધુર વીણા એકતાન થઈને ગુંજી ઊઠે છે કે-

**આરાધના જિનધર્મમાં અદ્‌ભુત આનંદકાર;**
**સર્વ જીવમાં મિત્રતા, વેરભાવ નહિ ક્યાંય.**

વાર્ષિક લવાજમ
છ રૂપિયા
વર્ષ ૩૨
અંક ૧૧




વીર સં. ૨૫૦૧
: ભાદરવો :
ઇ. સ. 1975
SEPT.

# મંગલ અવસર



# ચુકશો નહીં

ભગવાન મહાવીરપ્રભુ દિવ્યધ્વનિ વડે રત્નત્રય-તીર્થનું પ્રવર્તન કરીને મુક્તિપુરીમાં પધાર્યા...અઢીહજારવર્ષ એ વાતને વીતી ગયા...તેનો ભવ્યમહોત્સવ આ આખાય વર્ષ દરમિયાન આપણે હર્ષાનંદપૂર્વક ઊજવી રહ્યા છીએ...જૈન સમાજમાં જાગૃતીનો એક જુવાળ આવ્યો છે...ને મહાવીરશાસન આજેય સર્વત્ર કેવું ચાલી રહ્યું છે-તે સર્વત્ર દેખાય છે. મહાવીરભગવાન ઉપર આખું જગત જાણે ફિદા-ફિદા છે.

હવે તો વાર્ષિક-ઉત્સવ પૂર્ણતા તરફ પહોંચવાની તૈયારી છે: અહા, આવો ઉત્સવ આપણા જીવનમાં આવ્યો....આપણે વીરના ભક્ત અને વારસદાર બન્યા...મોંઘી ત્રસપર્યાય, તેમાંય સંજ્ઞીપણું ને મનુષ્યપણું, ભારત જેવો ઉત્તમ દેશ, શ્રાવકનું કૂળ ને જૈનધર્મના દેવ-ગુરુ, તેમાં વળી આત્માનું સ્વરૂપ સમજાવનારી જિનવાણીનું શ્રવણ-સમયસાર જેવા પરમ અધ્યાત્મશાસ્ત્રો-આટલી બધી દુર્લભ-દુર્લભ વસ્તુઓ અત્યારે મળી છે, આત્મહિતની બુદ્ધિ પણ જાગી છે...તો હે જીવ! પ્રભુના શાસનમાં તારા આત્મહિતના આ મહાન અવસરને ચુકીશ નહિ...સમ્યગ્જ્ઞાન વડે પરમસુખની પ્રાપ્તિ કરી લેજે. -એમ શ્રીગુરુની પ્રેરણા છે.

# પર્યુષણ–પર્વની મંગલ પ્રસાદી

**ભાદરવા સુદ પાંચમ:** આજથી દશલક્ષણી પર્યુષણપર્વ શરૂ થાય છે તેમાં આજે ઉત્તમક્ષમાનો પહેલો દિવસ છે. ઉત્તમ ક્ષમા, માર્દવ, આર્જવ, શૌચ, સત્ય, સંયમ, તપ, ત્યાગ, આકિંચન્ય અને બ્રહ્મચર્ય એવા દશ ઉત્તમ વીતરાગીધર્મોને હે જીવ! તું ભક્તિપૂર્વક જાણ.

આ દશે ધર્મો તે ચારિત્રના પ્રકાર છે. તેની આરાધના મુનિવરોને હોય છે; ને ધર્મી ગૃહસ્થોને સમ્યગ્દર્શનપૂર્વક તેની એકદેશ આરાધના હોય છે. પ્રથમ તો ક્રોધ વગરનો શાંત–ક્ષમાભાવી આત્મા છે–તેનું ભાન થાય એટલે સમ્યગ્દર્શન થાય; તેને વિશેષ વીતરાગતા થતાં, ક્રોધરહિત એવો ક્ષમાભાવ પ્રગટે છે કે–તિર્યંચ મનુષ્ય વગેરે દ્વારા ઘોર ઉપદ્રવ થાય તોપણ પોતાની ક્ષમાની શાંતિથી ડગતા નથી ને ક્રોધ કરતા નથી. શરીર ઉપર ઘોર ઉપસર્ગ થતો હોય, ઘોર નિંદા થતી હોય, ઘાણીમાં પીલાતા હોય–છતાં ઉપસર્ગ કરનાર પ્રત્યે ક્રોધની વૃત્તિ ન જાગે, પોતે પોતાના આત્માની વીતરાગી શાંતિના વેદનમાં રહે તેને ઉત્તમક્ષમાધર્મની આરાધના હોય છે.

જુઓ, આવો ક્ષમાધર્મ અને આવા ધર્મની ઉપાસનારૂપ સાચા પર્યુષણપર્વ આજથી શરૂ થાય છે. આવા ધર્મોનું સ્વરૂપ વીતરાગી દેવ–શાસ્ત્ર–ગુરુ પાસે જ હોય છે. જેના દેવ–શાસ્ત્ર–ગુરુ ખોટા હોય ત્યાં સાચા ધર્મોની ઉપાસના હોતી નથી એટલે ધર્મની પર્યુષણા હોતી નથી. અરે, ક્રોધ અને ચૈતન્યની ભિન્નતાનું ભેદજ્ઞાન જ્યાં ન હોય ત્યાં ક્ષમાધર્મ ક્યાંથી હોય? માટે પ્રથમ ક્રોધ અને ઉપયોગનું ભેદજ્ઞાન કરી, જ્ઞાનમાત્ર ઉપયોગસ્વરૂપ હું છું–એવી અનુભૂતિ કરીને ધર્મીજીવે વીતરાગી ચારિત્રરૂપ ક્ષમાધર્મની ભાવના–ઉપાસના કરવા યોગ્ય છે. સમ્યગ્દર્શન થયું ત્યાં અનંતાનુબંધી ક્રોધનો તો અભાવ થયો ને વીતરાગી ક્ષમાના એક અંશનો સ્વાદ ચાખ્યો. આવા સમ્યગ્દર્શનપૂર્વકની વીતરાગીક્ષમા તે ઉત્તમ ક્ષમા છે. અહો, મુનિવરો તો ક્ષમાની મૂર્તિ છે...એમની ચારિત્રદશાની શી વાત! અત્યંત ભક્તિપૂર્વક તેને ઓળખીને તેની ભાવના ભાવવી...તે પર્યુષણ છે.

[આજે પર્યુષણપર્વના મંગલ પ્રારંભ નિમિત્તે ભગવાન જિનેન્દ્રની ભવ્ય રથયાત્રા નીકળી હતી; રથયાત્રા બાદ પરમાગમ–મંદિરમાં વીરનાથ–મહાદેવ સમક્ષ ભક્તિભીનું પૂજન થયું હતું. દશલક્ષણ પૂજન વિધાન (ભાઈશ્રી હિંમતલાલ હરગોવિંદદાસ ભાવનગરવાળા

તરફથી ) થયું હતું. વીતરાગી ધર્મની આરાધનારૂપ પર્યુષણના આ દિવસોમાં ચારિત્રવંત મુનિ–ભગવંતોનો પરમ મહિમા ક્ષણે ને પળે પ્રસિદ્ધ થતો હતો....ને પ્રવચન વખતે તો કુંદકુંદસ્વામી, અમૃતચંદ્રસ્વામી, પદ્મપ્રભસ્વામી જેવા રત્નત્રયવંત મુનિભગવંતો જાણે સામે જ બિરાજતા હોય–એવા ભાવથી ગુરુદેવ તેમના તરફ હાથ લંબાવીને બતાવતા, અને કહેતા કે જુઓ, આ વીતરાગી સંતોની વાણી!! –વાહ! જાણે વીતરાગી સંતોની વાણી સાંભળતા હોઈએ! એવા ભાવો ઉલ્લસતા હતા, ને એ રત્નત્રયધારી મુનિભગવંતો પ્રત્યે પરમ ભક્તિથી હૃદય નમી જતું હતું. ]

બપોરના પ્રવચનમાં નિયમસારની પાંચરત્નો જેવી પાંચ ( ૭૭ થી ૮૧ ) ગાથાઓ દ્વારા સમસ્ત પરભાવોથી ભિન્ન શુદ્ધસ્વરૂપની ભાવનાનું ઘોલન ચાલતું હતું. શ્રી મુનિરાજ પોતે કહે છે કે આ પંચરત્નો દ્વારા જેણે સમસ્ત વિષયોના ગ્રહણની ચિંતાને છોડી છે અને નિજ દ્રવ્ય–ગુણ–પર્યાયના સ્વરૂપમાં ચિત્તને એકાગ્ર કર્યું છે, તે ભવ્યજીવ નિજભાવથી ભિન્ન એવા સકળ વિભાવને છોડીને અલ્પકાળમાં મુક્તિને પ્રાપ્ત કરે છે.

ભેદજ્ઞાન વડે શુદ્ધજીવાસ્તિકાયના અભ્યાસ વડે એટલે કે વારંવાર અનુભવ વડે ચારિત્ર–દશા પ્રગટ થાય છે. સમ્યગ્દ્રષ્ટિ શુદ્ધ દ્રવ્ય–ગુણ–પર્યાયસ્વરૂપ પોતાના શુદ્ધ જીવાસ્તિકાયમાં અન્ય સકળ પરભાવોના કર્તૃત્વનો અભાવ જાણે છે; સહજ ચૈતન્યના વિલાસ સ્વરૂપે જ તે પોતાને ભાવે છે. શ્રેણીક રાજા ક્ષાયિકસમ્યગ્દ્રષ્ટિ છે, તીર્થંકરપ્રકૃતિ બાંધે છે, અત્યારે પહેલી નરકમાં હોવા છતાં તેઓ એમ જાણે છે કે આ નરકપર્યાયના કર્તૃત્વ–ભોક્તૃત્વથી પાર સહજ ચૈતન્યના વિલાસરૂપ આત્મા હું છું –આવી પરિણતિનું પરિણમન તેમને વર્તી જ રહ્યું છે. તિર્યંચ હોય, સિંહ હોય, ને આત્માનું જ્ઞાન પામે ત્યાં તે પણ એમ જાણે છે કે સહજ ચૈતન્યસ્વરૂપશુદ્ધ જીવાસ્તિકાય જે મારું સ્વરૂપ છે–તેમાં આ તિર્યંચપર્યાયના કર્તૃત્વનો ભાવ નથી. તિર્યંચ પર્યાયનું કર્તૃત્વ મારામાં નથી; સહજ ચૈતન્યનો જે વિલાસ છે તેનો જ હું કર્તા છું. –આવી શુદ્ધચેતનાપરિણતિ તેને વર્તે છે, –એનું નામ સાચું પ્રતિક્રમણ છે.

મનુષ્ય અને દેવપર્યાયમાં પણ જે સમ્યગ્દ્રષ્ટિ–ધર્માત્મા જીવો છે તેઓ પોતાના આત્માને, તે–તે વિભાવગતિપર્યાયના કર્તૃત્વથી રહિત જ્ઞાનચેતનારૂપ એવા શુદ્ધજીવાસ્તિકાયપણે જ જાણે છે. ચારગતિ તે વિભાવપર્યાય છે, તેના કારણરૂપ ભાવો તે પણ વિભાવભાવો છે; એ બધા વિભાવભાવોથી પાર અતીન્દ્રિયજ્ઞાનચેતના છે, એવી જ્ઞાનચેતનારૂપે પરિણમતા ધર્માત્મા પોતાના આત્માને સહજ ચૈતન્યના વિલાસરૂપ અનુભવે છે. –આવો અનુભવ તે સાચા પર્યુષણ છે. એવો અનુભવ કરનાર જીવને પોતામાં સદાય પર્યુષણ જ છે.

## ❀ સર્વજ્ઞતાની મહત્તા પાસે અલ્પજ્ઞતાની નિર્માનતા ❀

પર્યુષણમાં ભાદરવા સુદ છઠ્ઠે ઉત્તમમાર્દવ એટલે વીતરાગી નિર્માનતાનો બીજો દિવસ હતો. અહો, મુનિવરોના વીતરાગચારિત્રધર્મની શી વાત!! એવા ઉત્તમ મુનિવરોને વિશેષ શાસ્ત્રજ્ઞાન હોય, મહાન તપસ્વી હોય, અનેક લબ્ધિ પ્રગટી હોય–પણ તેઓ માન કરતા નથી, નિર્માનતા રાખે છે. જેને સર્વજ્ઞસ્વભાવની મહાનતાની ખબર નથી તે જ અલ્પ જાણપણામાં અભિમાન કરે છે. અરે, સર્વજ્ઞો અને બારઅંગધારી શ્રુતકેવળીભગવંતો પાસે તો મારું આ જ્ઞાન ઘણું અલ્પ છે; ચૈતન્યનો સ્વભાવ તો સર્વજ્ઞપદ પ્રગટે તેવડો છે; તેમાં અલ્પજ્ઞાનનો ગર્વ કેવો? –એવા ભાવમાં ધર્મીજીવ નિર્મદ રહે છે. પ્રતિકૂળતા કે અનુકૂળતામાં તે પોતાના ઉપશાંતભાવમાં રહે છે, માન–અપમાનમાં સમભાવે રહે છે. માન કરતા નથી તેમ અપમાનના પ્રસંગમાં ખેદખિન્ન પણ થઈ જતા નથી.

અહા, આત્માનો સર્વજ્ઞસ્વભાવ જેની પ્રતીતમાં આવ્યો છે તે જીવ અલ્પજ્ઞતાનું ગૌરવ કેમ કરે? આ રીતે આત્માના પૂર્ણ સ્વભાવની મહત્તા જાણીને તેની આરાધના વડે વીતરાગતા અને નિર્માનતા થાય છે, તેનું નામ ઉત્તમ માર્દવધર્મ છે. તેની ઉપાસના તે પર્યુષણા છે. આવા વીતરાગધર્મની ઉપાસના મુખ્યપણે મુનિઓને હોય છે, ને ધર્મી ગૃહસ્થોને પણ પોતાની ભૂમિકાઅનુસાર આવા ધર્મની ઉપાસના હોય છે. માટે આચાર્યદેવ કહે છે કે હે ભવ્યજીવો! તમે આવા દશધર્મોને પરમ ભક્તિપૂર્વક જાણીને તેની ઉપાસના કરો.

## ❀ નિજતત્ત્વમાં એકાગ્રતા તે જ મોક્ષની આરાધના ❀

પાંચરત્નોદ્વારા જૈનશાસનના સારભૂત આત્માનું પરમાર્થસ્વરૂપ બતાવીને કહે છે કે –નિર્મળ દ્રવ્ય–ગુણ–પર્યાયરૂપ જે સ્વતત્ત્વ, તેમાં ભેદની ચિંતા છોડીને, અભેદદ્રષ્ટિથી જે એકાગ્ર થયો, તે ભવ્યજીવ નિજસ્વરૂપમાં એકાગ્રતાવડે અલ્પકાળમાં મોક્ષને પામે છે. જુઓ, શુદ્ધદ્રવ્ય–ગુણ–પર્યાયસ્વરૂપ નિજતત્ત્વ કહ્યું; તે મોક્ષનું કારણ છે. શુદ્ધતાનું કારણ થવાનો સ્વભાવ તો દ્રવ્ય–ગુણ–પર્યાય ત્રણેમાં છે; પણ રાગાદિ અશુદ્ધતાનું કારણ થવાનો સ્વભાવ દ્રવ્ય–ગુણમાં નથી, તેનું કારણ માત્ર તે ક્ષણિકપર્યાયમાં જ છે, એટલે તે ભૂતાર્થસ્વભાવ નથી; ત્યારે શુદ્ધપર્યાયની પાછળ તો શુદ્ધ દ્રવ્ય–ગુણ–પર્યાય ત્રણે કારણપણે ઉભા છે; તેના આશ્રયે શુદ્ધપર્યાય થઈ; આવા શુદ્ધ દ્રવ્ય ગુણ પર્યાયથી એકાકારસ્વરૂપ નિજતત્ત્વમાં એકાગ્રતા વડે મોક્ષપદ પમાય છે. (નિયમસાર–કળશ ૧૦૯) ૧૪ ગુણસ્થાનભેદો કે ૧૪ માર્ગણાસ્થાનભેદો તે કોઈ ભેદોને સમ્યગ્દર્શન સ્વીકારતું નથી, તેથી તે બધા ભેદોને પરભાવો કહ્યા. અભેદરૂપ આત્મા તે પરમતત્ત્વ છે, તેને જ સમ્યગ્દર્શન સ્વીકારે છે; ને તેના સ્વીકારવામાં જે શુદ્ધપર્યાય વર્તે છે–તે મોક્ષનું કારણ છે.

## હે ભવ્ય ! જિનવચનવડે તું આ પરમ સત્યને જાણ કે-

# સિદ્ધના જીવો અને તારો જીવ પરમાર્થે સરખાં છે.

## [ નિયમસાર ગા. ૪૭-૪૮ ના પ્રવચનમાંથી ]

* – સિદ્ધજીવો અને સંસારી જીવો, તેમના પરમસ્વભાવમાં કોઈ તફાવત નથી કેમકે પરમાર્થે જેવા ગુણો સિદ્ધજીવોમાં છે તેવા જ ગુણો સંસારીજીવોમાં વિદ્યમાન છે. –આવા પરમસ્વભાવને હે ભવ્ય ! જિનવચનવડે તું જાણ.

* આવા પોતાના પરમસ્વભાવને પરમગુરુના પ્રસાદથી જાણીને જીવો સિદ્ધપદને પામ્યા છે. જેવા કારણસ્વભાવરૂપ હતા, તેની આરાધના કરી ત્યારે તેવા શુદ્ધકાર્યરૂપ થયા.

આ રીતે પરમસ્વભાવની ઉપાસના તે જ પરમપદનો ઉપાય છે.

* સિદ્ધજીવો તો અષ્ટમહાગુણના આનંદની સમૃદ્ધિસહિત છે, તેમને ઓળખતાં પરમાર્થે તેમના જેવો પોતાનો આત્મા પણ અષ્ટમહાગુણના આનંદથી ભરેલો છે, –તે ઓળખાય છે, ને તેની અનુભૂતિવડે જીવ સિદ્ધપદને પામે છે.

જુઓ, શ્રી ગુરુઓએ પ્રસન્ન થઈને આવો પરમસ્વભાવ બતાવ્યો, ને પરમાગમોએ પણ આવા પરમસ્વભાવને પ્રસિદ્ધ કર્યો છે; પરમગુરુના પ્રસાદથી ને પરમાગમના અભ્યાસથી, સહજ વૈરાગ્યમય અંતર્મુખ પરિણતિ વડે આવા કારણ સમયસારરૂપ પરમતત્ત્વને જે જાણે છે તેને સમ્યક્ત્વાદિરૂપ શુદ્ધકાર્ય પણ તેની સાથે વર્તે જ છે, તે જીવ અત્યંત આસન્નભવ્ય છે એટલે મોક્ષમાર્ગી છે; અને સંસારના ક્લેશથી તેનું ચિત્ત અત્યંત થાકેલું છે. પરમ ચૈતન્યતત્ત્વ સિવાય બીજે ક્યાંય તેને ગમતું નથી, ક્યાંય તેનું ચિત્ત ઠરતું નથી.

સંસારમાં ક્યાંય ગમે તેવું નથી, એક પરમ ચૈતન્યતત્ત્વ આત્મા જ એવો છે કે જેમાં મુમુક્ષુને ગમે છે. ધર્મીને સ્વભાવની અનુભૂતિવડે ચૈતન્યપદ એક જ સારરૂપ લાગ્યું છે, ને સર્વે પરભાવરૂપ સંસાર તેને અસાર લાગે છે.

કારણસ્વભાવનો સ્વીકાર ક્યારે થાય ? કે તેમાં અંતર્મુખ થઈને સ્વાનુભવવડે જેની પર્યાય શુદ્ધકાર્યરૂપ થઈ છે તેને જ કારણનો સાચો સ્વીકાર છે કે ‘આ મારા શુદ્ધકાર્યનું કારણ છે.’ કાર્ય વગર કારણ કોનું ? કારણ–કાર્ય એકસાથે છે. શુદ્ધસ્વભાવ ભલે અનાદિથી જ છે, પણ ‘કારણ’ તરીકે તેનો સ્વીકાર ત્યારે જ થયો કે જ્યારે તેના અનુભવ વડે

શુદ્ધકાર્ય થયું. એટલે, ભૂતાર્થસ્વભાવનો સ્વીકાર કરનારી પર્યાયને પણ અભેદપણે ભૂતાર્થ કહેવામાં આવી છે. રાગાદિક તે અભૂતાર્થ છે, ને સ્વભાવમાં વળેલી જ્ઞાનપર્યાય તે ભૂતાર્થ છે, તેને 'ભૂતાર્થધર્મ' પણ કહ્યો છે. અજ્ઞાની તે ભૂતાર્થધર્મને જાણતો નથી.

અહા, પોતાની સ્વાનુભૂતિથી મેં મારા આવા પરમ તત્ત્વને જાણ્યું છે, ને બીજા બધા જીવોમાં પણ આવું પરમાત્મતત્ત્વ છે–એમ શુદ્ધનયથી મેં જાણ્યું છે, –તો હવે હું સુબુદ્ધિ તેમજ કુબુદ્ધિ જીવોમાં ભેદ કયા નયથી જાણું? પર્યાયના ભેદે શુદ્ધસ્વભાવમાં ભેદ હું કેમ જાણું? વાહ! જુઓ આ શુદ્ધનયની મસ્તી! આવા શુદ્ધનયથી બધા જીવોને પરમાત્મસ્વરૂપે જોનારો હું તેમનામાં ભેદ કયા પ્રકારે દેખું? વ્યવહારથી જોતાં પર્યાયમાં ભેદ છે, પણ શુદ્ધનયમાં તે પર્યાયના ભેદને હું કેમ દેખું? –વાહ રે વાહ! પોતાનો પરમ સ્વભાવ અનુભૂતિમાં લીધો ત્યાં બીજામાં પણ એકલી પર્યાયને નથી દેખતો, તેમનામાં પણ અષ્ટમહાગુણથી શોભતો કારણસમયસાર બિરાજી રહ્યો છે–એમ ધર્મી દેખે છે. અને તેઓ જ્યારે પોતાના કારણસમયસારને જાણશે ત્યારે તેમને પણ પર્યાયમાં શુદ્ધકાર્ય પ્રગટ થશે.

હે જીવ! તું આવા પોતાના સ્વભાવની શ્રદ્ધા તો જરૂર કર! આ દગ્ધ પંચમકાળમાં પણ એની શ્રદ્ધા થઈ શકે છે. ગા. ૧૫૪ માં આચાર્યદેવ કહે છે કે–અરે, આ દગ્ધકાળ (પંચમકાળ) રૂપ અકાળમાં તું હીન શક્તિવાળો હો તોપણ નિજ પરમાત્મતત્ત્વના શ્રદ્ધા–જ્ઞાન તો જરૂર કરજે. 'આ કાળમાં મોક્ષ નથી' –એમ કહીને શ્રદ્ધામાં પણ ઢીલો થઈશ મા.

**અશરીર ને અવિનાશ છે, નિર્મળ અતીન્દ્રિય શુદ્ધ છે,**
**જ્યમ લોક અગ્રે સિદ્ધ, તે રીતે જાણ સૌ સંસારીને. ૪૮.**

અહા, જેવા સિદ્ધભગવાન સિદ્ધાલયમાં બિરાજમાન છે તેવો જ પરમાર્થે હું છું–એમ સ્વાનુભૂતિથી ધર્મીજીવે પરમ સ્વભાવને જાણ્યો છે, અને બધાય જીવો પરમાર્થે એવા જ છે–એમ પણ શુદ્ધનયના બળથી તે જાણે છે. સિદ્ધાલયમાં જેવા ગુણોથી સિદ્ધભગવંતો અલંકૃત છે–એવા જ ગુણોથી બધાય જીવોનો સ્વભાવ અલંકૃત છે. –અહો, જિનેશ્વર ભગવાનનું શુદ્ધવચન બુદ્ધપુરુષોને આવો આત્મસ્વભાવ દેખાડે છે. જિનવચનમાં આવો શુદ્ધસ્વભાવ પ્રસિદ્ધ છે તેને હે ભવ્ય! તું જાણ!

# ❀ ચારિત્ર વગર મોક્ષ નથી ❀

જેણે સર્વકષાયોથી અત્યંત જુદા એવા ઉપયોગસ્વભાવને જાણીને સમ્યગ્દર્શન અને ભેદજ્ઞાન કર્યું છે તેને પછી વીતરાગભાવની વૃદ્ધિ થતાં શ્રાવકપણું તથા મુનિપણું હોય છે; એવી મુનિદશાપૂર્વક જ મોક્ષને સાધી શકાય છે.

શુભ–અશુભ, પુણ્ય–પાપ, હર્ષ–શોક તે બધા સંસારના દ્વંદ છે; તે બધાયથી ભિન્ન ચેતનાસ્વરૂપ આત્મા છે. એવા આત્માને જાણવો–શ્રદ્ધવો–ધ્યાવવો તે જ શાસ્ત્રની લાખો વાતોનો સાર છે; માટે આવો નિશ્ચય કરીને અંતરમાં તમે સદા આત્માને ધ્યાવો–એમ કહ્યું. આ રીતે પ્રથમ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનની આરાધના જેણે પ્રગટ કરી છે તેને મોક્ષમાર્ગમાં આગળ વધતાં શું થાય છે! તેનું આ વર્ણન છે.

સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનમાં જે આત્મસ્વરૂપ અનુભવમાં આવ્યું છે તે જ્ઞાનાનંદસ્વરૂપમાં એકાગ્ર થતાં આત્મશાંતિ વધે ને રાગાદિ કષાયભાવો છૂટે, તેના પ્રમાણમાં ચારિત્રદશા હોય છે. તે ચારિત્ર રાગરૂપ નથી પણ વીતરાગભાવરૂપ છે, તેમાં કષાય નથી પણ પરમ શાંતિ છે; તે સ્વર્ગના ભવનું કારણ નથી પણ મોક્ષનું કારણ છે. આવી ચારિત્ર દશા સાથે જે રાગ બાકી રહી જાય તે કેવો મર્યાદિત હોય! તેનું વર્ણન વ્રતના કથનદ્વારા કર્યું છે.

ચોથાગુણસ્થાને અંશે વીતરાગભાવ થયો છે પણ વ્રતભૂમિકાને યોગ્ય વીતરાગભાવ હજી ત્યાં નથી હોતો તેથી તેને 'અવિરત' કહેવાય છે. ચોથાગુણસ્થાને સમ્યગ્દૃષ્ટિને અનંતાનુબંધી ક્રોધ–માન–માયા–લોભના અભાવરૂપ 'સ્વરૂપાચરણ' તો છે, તથા તેટલી આત્મશાંતિ તો નિરંતર વર્તે છે; પણ હિંસાદિ પાપોના નિયમથી ત્યાગરૂપ ચારિત્ર શ્રાવકને તથા મુનિઓને હોય છે, તેમાં શ્રાવકને પાંચમાગુણસ્થાને જોકે એકદેશ ચારિત્ર હોય છે, છતાં સર્વાર્થસિદ્ધિના દેવો કરતાંય તે વધારે સુખી છે. –અહો, ચારિત્રદશા કેવી મહિમાવંત છે!

ચારિત્રમાં સમ્યક્પણું સમ્યગ્દર્શન–જ્ઞાન વગર આવે નહિ; આ અપેક્ષાએ સમ્યગ્દર્શન તથા સમ્યગ્જ્ઞાનને સમ્યક્ચારિત્રનાં કારણ કહ્યાં છે. સમ્યગ્દર્શન વગરનાં એકલા બાહ્ય ક્રિયાકાંડો કે શુભરાગરૂપ વ્રતો તે કાંઈ સાચું ચારિત્ર નથી, એટલે તે કાંઈ મોક્ષમાર્ગમાં કામ આવતું નથી; એવું રાગરૂપ ચારિત્ર તો અજ્ઞાન સહિત જીવે અનંતવાર કરી લીધું છે. આઠ કષાયના અભાવરૂપ એકદેશ વીતરાગીચારિત્ર (દેશચારિત્ર) સમ્યગ્દૃષ્ટિ શ્રાવકને જ હોય છે; ને પછી સકલચારિત્ર તો બારકષાયના અભાવવાળા નિર્ગ્રંથ–દિગંબર મુનિઓને જ હોય છે. આવું ચારિત્ર તે મોક્ષનું કારણ છે; તેનો મહિમા અપાર છે.

ચારિત્ર વગર મોક્ષ થાય નહિ–એ વાત તદ્દન સાચી છે. –પણ તે ચારિત્ર કયું? કે ઉપર કહ્યું તેવું વીતરાગી. ચૈતન્યસ્વરૂપમાં એકાગ્રતાથી જ વીતરાગભાવરૂપ ચારિત્ર થાય છે. –આવા ચારિત્રનું સ્વરૂપ ઓળખીને સમ્યગ્દર્શન–જ્ઞાન પછી પરિણામની શુદ્ધતાઅનુસાર દ્રઢચારિત્ર ધારણ કરવું. વધારે શક્તિ ન હોય તો ઓછું ચારિત્ર લેવું પણ ચારિત્રમાં શિથિલાચાર ન રાખવો. દ્રઢ પાલનપૂર્વક તેમાં આગળ ને આગળ વધાય તેમ કરવું.

ધર્મી–શ્રાવકને જોકે મુનિ જેવું ચારિત્ર નથી હોતું પરંતુ તેને ભાવના તો મુનિપણાની હોય છે. તેની ભાવનાપૂર્વક તે હિંસાદિ પાપોને નિયમપૂર્વક છોડીને અહિંસાદિક વ્રતોનું પાલન કરે છે. અને તે અહિંસા વગેરેની પુષ્ટિ માટે ત્રણ ગુણવ્રત તથા ચાર શિક્ષાવ્રત પાળે છે.

દિગ્વ્રત, દેશવ્રત અને અનર્થદંડ–પરિત્યાગવ્રત–એ ત્રણ ગુણવ્રતો છે કેમકે તેઓ વ્રતના પાલનમાં ગુણ કરનારાં છે.

* દશે દિશા સંબંધમાં મર્યાદા નક્કી કરીને તેનાથી બહારના ક્ષેત્રમાં જીવનપર્યંત ન જવું તેમજ પત્ર–વ્યવહાર વગેરે દ્વારા પણ તેની સાથે વેપાર વગેરેનો સંબંધ ન રાખવો તેનું નામ દિગ્ (–દિશા) વ્રત છે.
* દિગ્વ્રતમાં જેટલી છૂટ હોય તેમાંથી પણ અમુક ક્ષેત્રમાં જવાનો અમુક સમય સુધી ત્યાગ કરવો તે દેશાવકાશ–વ્રત છે.
* વગર પ્રયોજને પાપની પ્રવૃત્તિઓ–જેવી કે લડાઈની વાતો, બીભત્સ ફિલ્મો જોવાનું, ભૂમિ ખોદવી, વગર મફતનું ધોધમાર પાણી ઢોળવું, ફૂલ–ઝાડ તોડવા, પ્રાણીઓને દુઃખ થાય તેવી રમત રમવી, કોઈ લડતા હોય તેને ઉત્તેજન આપવું, કે બીજાની નિંદામાં રસ લેવો–એવા પ્રકારની અનર્થરૂપ પાપ પ્રવૃત્તિનો ત્યાગ તે

અનર્થદંડ–પરિત્યાગ વ્રત છે. (અનર્થદંડ વ્રત એમ ટૂંકામાં બોલાય છે, પણ પૂરું નામ 'અનર્થદંડ–પરિત્યાગ' છે. એ જ રીતે 'ચોવિયાર' ટૂંકામાં કહેવાય છે ખરેખર ચૌવિધ–આહારનો ત્યાગ તે પ્રત્યાખ્યાન છે. –એમ દરેક ભાવ સમજવા જરૂરી છે.)

ત્યાર પછી, સામાયિક, પ્રૌષધઉપવાસ, ભોગોપભોગ–પરિણામ અને અતિથિસંવિભાગ (–મુનિ વગેરેને આહાર દાનની ભાવના) –એ ચાર શિક્ષાવ્રત છે, તેના અભ્યાસ વડે શ્રાવક મુનિપણાની ભાવના પુષ્ટ કરે છે. તેને દર્શનપડિમા અને વ્રતપડિમા ઉપરાંત આગળ વધતાં સામાયિક પડિમા, પ્રૌષધઉપવાસ, સચિત્તત્યાગ, રાત્રિભોજનત્યાગ, બ્રહ્મચર્ય, આરંભત્યાગ, પરિગ્રહત્યાગ, ઉદ્દિષ્ટ ભોજનત્યાગ, અને અનુમતિત્યાગ–એમ–કુલ ૧૧ પડિમા હોય છે. જો કે આમાં રાત્રિભોજનત્યાગ વગેરે સદાચારો તો સામાન્ય ગૃહસ્થોનેય હોય છે પણ પડિમાવાળા શ્રાવકને તે બધું અતિચાર રહિત, પ્રતિજ્ઞાપૂર્વક હોય છે. શ્રાવકને વસ્ત્રધારણ હોય છે, પરંતુ મુનિ થયા પછી શરીર પર કોઈ પણ પ્રકારનું વસ્ત્રધારણ રહેતું નથી. માટે જૈનમુનિને નિર્ગ્રંથ કહેવાય છે. આવી દશા વગર મોક્ષ થતો નથી.

# રત્નત્રય–ઉપાસના

## [ ભગવાન મલ્લિનાથના જીવે પૂર્વભવમાં કરેલ રત્નત્રયવ્રત-ઉપાસના ]

સમ્યગ્દર્શન–સમ્યગ્જ્ઞાન–સમ્યકચારિત્ર...જૈનધર્મના સર્વોત્તમ ત્રણરત્નો.... આત્માને મહાન આનંદ આપનારાં ત્રણરત્નો....એનો મહિમા લોકોત્તર છે. આ રત્નત્રય એ સર્વે મુમુક્ષુઓનો મનોરથ છે; તે રત્નત્રય લેવા માટે ચક્રવર્તીઓ છખંડના સામ્રાજ્યને તથા ૧૪ રત્નોને પણ અત્યંત સહેલાઈથી છોડી દે છે; ઇન્દ્રો પણ એને માટે તલસી રહ્યા છે. જીવને આ રત્નત્રયની પ્રાપ્તિ તે જૈનશાસનનો સાર છે. તે જ જૈનધર્મ છે. વાહ, આવા સમ્યક્‌રત્નત્રયના એક અંશની પ્રાપ્તિથી પણ જીવનો બેડો પાર છે.

અહા, જે મૂલ્ય વડે જીવને અનંતકાળનું મોક્ષસુખ મળે તે રત્નત્રયની શી વાત! સમસ્ત જિનવાણીનો સાર એક શબ્દમાં કહેવો હોય તો, તે છે ‘રત્નત્રય’. તેનો જ વિસ્તાર, અને તેની જ પ્રાપ્તિનો ઉપાય–જિનાગમમાં ભર્યો છે. આ રત્નત્રય એટલે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન ને સમ્યક્‌ચારિત્ર; –એ ત્રણેય રાગ વગરનાં છે. સિદ્ધાંતસૂત્રોમાં તો તેમને ‘જ્ઞાનનું પરિણમન’ કહીને રાગ વગરનાં બતાવ્યાં જ છે, ને રત્નત્રય–પૂજનના પુસ્તકમાં પહેલી જ પંક્તિમાં તેમને ત્રણેયને રાગ વગરનાં બતાવીને પછી જ તેના પૂજનની શરૂઆત કરી છેઃ–

‘सरधो जानो पालो भाई, तीनोंमें कर राग जुदाई। ’

‘सरधो जानो भावा लाई, तीनोंमें ही रागा नांई। ’

( જુઓ, પં. ટેકચંદજીકૃત રત્નત્રયવિધાન પૂજા )

વાહ, વીતરાગ રત્નત્રય! જીવની શોભા માટે તમારા સમાન સુંદર આભૂષણ બીજાું કોઈ નથી. આવા રત્નત્રય વડે આત્માને આભૂષિત કરવા માટે સમયસારમાં કુંદકુંદસ્વામી કહે છે કે હે ભવ્ય! દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ મોક્ષપંથમાં આત્માને જોડ. જિનભગવંતો દર્શન–જ્ઞાન–ચારિત્રને મોક્ષમાર્ગ કહે છે. દર્શન–જ્ઞાન–ચારિત્ર જ મોક્ષમાર્ગ છે, કેમકે તેઓ આત્માશ્રિત હોવાથી સ્વદ્રવ્ય છે. જે જીવ પોતાના ચારિત્રદર્શનજ્ઞાનમાં સ્થિત છે તે સ્વસમય છે–એમ હે ભવ્ય! તું જાણ...ને એ જાણીને તું પણ સ્વસમય થા. આ જગતની

બધી દુર્લભ વસ્તુઓમાં રત્નત્રય સૌથી દુર્લભ છે. રત્નત્રયધર્મની આરાધના નહિ કરવાથી જીવ દીર્ઘ સંસારમાં રખડયો. રત્નત્રયધર્મની આરાધના કરનાર જીવ આરાધક છે, અને તેની આરાધનાનું ફળ કેવળજ્ઞાન છે.

આવા રત્નત્રયની આરાધનામાં, અને તેની વ્રતકથામાં ભગવાન મલ્લિનાથના પૂર્વભવનું ઉદાહરણ પ્રસિદ્ધ છે; તે અહીં આપ વાંચશો.

# ભગવાન મલ્લિનાથ

## [ તેમણે પૂર્વભવમાં કરેલી રત્નત્રયવ્રત-ઉપાસના ]

મિથિલાપુરીના મહારાજા કુંભ અને મહારાણી સુપ્રભા, તેમના પુત્ર મલ્લિકુમાર, –કે, જેઓ આ ભરતક્ષેત્રના ૧૯ મા તીર્થંકર થયા, તેઓ પૂર્વભવમાં વિદેહક્ષેત્રમાં વૈશ્રવણ નામના રાજા હતા; ત્યાં તેમણે આઠ અંગ સહિત સમ્યગ્દર્શન, આઠ અંગ સહિત સમ્યગ્જ્ઞાન, તથા તેર અંગસહિત સમ્યક્ચારિત્ર–એવા રત્નત્રયધર્મનું સ્વરૂપ એક મુનિરાજ પાસેથી સાંભળ્યું હતું, ને મુનિરાજના ઉપદેશઅનુસાર તે રત્નત્રયવ્રતનું વિધાન કરીને પરમ બહુમાનથી તેનું ઉદ્યાપન કર્યું હતું; પછી પોતે પણ સંસારથી વિરક્ત થઈ, રત્નત્રયધર્મ પ્રગટ કરી, દર્શનવિશુદ્ધિઆદિ ૧૬ ઉત્તમ ભાવનાપૂર્વક તીર્થંકરનામકર્મ બાંધી, ત્રીજા ભવે મલ્લિનાથ તીર્થંકર થઈને મોક્ષપુરીમાં પધાર્યા, તેમની આ કથા છે...તે રત્નત્રય–ધર્મના બહુમાનપૂર્વક તમે વાંચો....સાંભળો.

જંબુદ્વીપના દક્ષિણ ભાગમાં આ ભરતક્ષેત્રમાં આપણે રહીએ છીએ; તેના પૂર્વ ભાગમાં પૂર્વ–વિદેહક્ષેત્ર છે, ત્યાં વીતશોકા નામની એક સુંદર નગરી છે. મોક્ષાભિલાષી ધર્માત્માઓથી ભરેલી તે નગરીમાં અનેક મુનિવરો વિચરે છે. ઊંચા ઊંચા અનેક જિનમંદિરો ઉપર ધર્મધ્વજા ફરકી રહી છે...ને ફરફરાટ વડે જાણે કે દેવોને તે સાદ પાડી રહી છે કે હે ભાઈ દેવો! દેવલોકમાં તમને મોક્ષ ન પ્રાપ્ત થતો હોય તો તે પ્રાપ્ત કરવા અહીં આવો....આ નગરીમાં કેવળીભગવંતો સદાય વિચરે છે. વીતરાગી દેવ–શાસ્ત્ર–ગુરુ સિવાય બીજી કોઈ પ્રવૃત્તિ અહીં દેખાતી નથી...એક શુદ્ધ જૈનધર્મ જ અહીં નિરંતર વર્તે છે.

તમને પ્રશ્ન થશે કે આવી સુંદર નગરીના રાજા કોણ હશે! –સુંદર નગરીના રાજા પણ સુંદર જ હોય ને! તીર્થંકર મલ્લિનાથના આત્મા પોતે પૂર્વભવમાં આ મનોહર વીતશોકા નગરીના રાજા હતા...તેમનું નામ વૈશ્રવણ. તેઓ આત્માને જાણનારા હતા, ને તેમનું ચિત્ત સદા રત્નત્રયની ભાવનામાં લીન રહેતું. એક વખત તેઓ રાજસભામાં બેઠા હતાં, ત્યાં ઉદ્યાનનો માળી આનંદપૂર્વક આવીને કહેવા લાગ્યો–હે સ્વામી! હું એક ઉત્તમ

વધામણી લાવ્યો છું. આપણી નગરીના ચંદનવનમાં આજ સુગુપ્તિ નામના મહાન મુનિરાજ પધાર્યા છે; જેમ સાધકજીવોના બગીચા રત્નત્રય–વડે ખીલી ઊઠે તેમ, આખું ઉદ્યાન મોસમ વગર પણ કેરી વગેરે સુંદર ફળ–ફૂલથી અત્યંત ખીલી ગયું છે, ને અદ્ભુત શોભા થઈ ગઈ છે.

તે સાંભળતાં જ અત્યંત હર્ષિત થઈને રાજાએ તે માળીને ઈનામ આપ્યું અને પોતે સિંહાસન પરથી ઊતરીને મુનિરાજને પરોક્ષ નમસ્કાર કર્યા; ત્યારબાદ આનંદભેરી વગડાવીને નગરજનો સહિત ધામધૂમથી મુનિરાજની વંદના કરવા લાગ્યા. ભક્તિપૂર્વક વંદન–પૂજન કરીને બેઠા.

શ્રી મુનિરાજે તેને આશીર્વાદ આપતાં કહ્યું–હે રાજન! તમને મોક્ષના કારણરૂપ રત્નત્રય–ધર્મની વૃદ્ધિ હો.

મુનિરાજના આશીર્વાદથી રાજા પ્રસન્ન થયા અને કહ્યું–હે પ્રભો! આપના શ્રીમુખથી રત્નત્રયધર્મનું સ્વરૂપ સાંભળવાની મને ચાહના થઈ છે, તો કૃપા કરીને રત્નત્રયનું સ્વરૂપ સંભળાવો.

મુનિરાજના શ્રીમુખથી જાણે અમૃત ઝરતું હોય–તેમ વાણી નીકળીઃ હે રાજન! સાંભળો! અનેક પ્રકારનાં દુઃખોથી ભરેલો આ સંસાર, તેનાથી છોડાવીને અનંત સુખના ધામ એવા મોક્ષને પમાડે તેનું નામ ધર્મ છે. તે ધર્મ એટલે કે મોક્ષમાર્ગ–સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન–સમ્યક્ચારિત્ર એવા ત્રિરત્નસ્વરૂપ છે; તેને ઓળખીને તેનું આરાધન કરો.

રાજાએ પૂછ્યુંઃ પ્રભો! તે રત્નત્રયધર્મમાંથી પ્રત્યેક ધર્મનું સ્વરૂપ જાણવાની સભાને આકાંક્ષા છે.

શ્રી મુનિરાજે કહ્યું : સાંભળો! રત્નત્રયમાં સૌથી પ્રથમ સમ્યગ્દર્શન છે; સર્વજ્ઞવીતરાગ જિનવરદેવ, નિર્મોહી–નિર્ગ્રંથ–રત્નત્રયવંત ગુરુ અને તેમણે કહેલાં જીવ–અજીવાદિ સાત તત્ત્વોનું સ્વરૂપ બરાબર ઓળખીને, તેમાંથી સારભૂત (ભૂતાર્થ) પોતાના શુદ્ધાત્મતત્ત્વને અનુભૂતિમાં લઈને તેની પ્રતીતિ કરવી તે સમ્યગ્દર્શન છે. 'શુદ્ધનય ભૂતાર્થ છે' એટલે કે શુદ્ધનય અને તેના વિષયરૂપ શુદ્ધઆત્મા, તેને અભેદ કરીને 'ભૂતાર્થ' કહેલ છે, ને તે ભૂતાર્થનો આશ્રય કરનાર જીવ સમ્યગ્દૃષ્ટિ હોય છે.

**(भूयत्थमस्सिदो खलु सम्माइट्ठी हवइ जीवो)**

તે સમ્યગ્દર્શનના આઠ અંગ છેઃ–

- તલવારની તીખી ધાર જેવો શ્રેષ્ઠ જિનમાર્ગ, તે સન્માર્ગ છે, તેમાં કોઈ શંકા વગર નિશ્ચલ રુચિ કરવી તે નિઃશંકતા–અંગ છે. (૧)

- ધર્મના ફળમાં સંસારસુખની વાંછા ન કરવી, કોઈપણ વિષયોમાં (પુણ્યફળમાં) સુખ ન માનવું–તે નિઃકાંક્ષા છે. (૨)
- સ્વભાવથી જ મલિન એવા શરીરાદિને દેખીને ધર્માત્મા પ્રત્યે ઘૃણા ન કરવી પણ તેના ગુણોમાં પ્રીતિ કરવી તે નિર્વિચિકિત્સા છે. (૩)
- સુખકર એવો જિનમાર્ગ, અને દુઃખકર એવા અન્ય મિથ્યામાર્ગો, તેમનું સ્વરૂપ ઓળખવું; ને મિથ્યામાર્ગમાં કોઈ પ્રકારે સમ્મતિ ન દેવી કે તેની પ્રશંસા ન કરવી, તે અમૂઢદ્રષ્ટિ છે. (૪)
- અન્ય સાધર્મીના અવગુણને ઢાંકવા, વીતરાગભાવરૂપ જિનધર્મની વૃદ્ધિ કરવી, તથા ધર્મ કે ધર્માત્માની નિંદાના પ્રસંગને કોઈપણ ઉપાયથી દૂર કરવો તે ઉપગૂહન છે. (૫)
- કોઈપણ તીવ્રદુઃખ વગેરે કારણે પોતાનો કે પરનો આત્મા ધર્મમાં શિથિલ થવાનો પ્રસંગ ઊભો થાય તો વૈરાગ્યભાવના વડે તથા જિનધર્મના મહિમા વડે તેને ધર્મમાં નિશ્ચલ–સ્થિર કરવો તે સ્થિતિકરણ છે. (૬)
- પોતાના સાધર્મી ભાઈ–બહેનો પ્રત્યે હૃદયમાં ઉત્તમ ભાવ રાખીને તેમનો આદર સત્કાર કરવો–તે વાત્સલ્ય છે. (૭)
- પોતાની શક્તિવડે જૈનધર્મની શોભા વધારવી, અજ્ઞાનને દૂર કરીને અને સમ્યગ્જ્ઞાનનો મહિમા પ્રસિદ્ધ કરીને જિનશાસનને દીપાવવું તે પ્રભાવના છે. (૮)

વૈશ્રવણ રાજાએ કહ્યુંઃ હે સ્વામી! સમ્યગ્દર્શનના આઠ અંગ અને તેનો મહિમા સાંભળતાં ઘણી પ્રસન્નતા થઈ; હવે સમ્યગ્જ્ઞાનનું અને તેના આઠ અંગોનું સ્વરૂપ કૃપા કરીને કહો.

મુનિરાજે કહ્યુંઃ જિનમાર્ગના દેવ–ગુરુ–શાસ્ત્ર, તથા તેમના કહેલાં જીવાદિ નવતત્ત્વો, તેનું સ્વરૂપ ઓળખીને, પરભાવોથી ભિન્ન પોતાના જ્ઞાનમય શુદ્ધાત્માની અનુભૂતિરૂપ જ્ઞાન તે સમ્યગ્જ્ઞાન છે. સમ્યગ્દર્શનની સાથે જ આવું સમ્યગ્જ્ઞાન નિયમથી હોય છે. તે સમ્યગ્જ્ઞાન આઠ પ્રકારના વિનયથી શોભે છેઃ– શબ્દની શુદ્ધિ, અર્થની શુદ્ધિ, શબ્દ તેમજ અર્થ બંનેની શુદ્ધિ, યોગ્યકાળે અધ્યયન, ઉપધાન અર્થાત્ કોઈ નિયમ –તપસહિત અધ્યયન, શાસ્ત્રના વિનયપૂર્વક અધ્યયન, ગુરુ પ્રત્યે ઉપકારબુદ્ધિ પ્રગટ કરવી, એટલે જ્ઞાનદાતા ગુરુનાં નામાદિ ન છૂપાવવાં–તે અનિહ્નવ, અને સ્તુતિ–પૂજા વગેરે સમારોહ દ્વારા દેવ–ગુરુ–આગમનું બહુમાન પ્રસિદ્ધ કરવું. –આ પ્રમાણે આઠ પ્રકારનાં વિનય–આચાર વડે સમ્યક્–

જ્ઞાન શોભે છે. સમ્યગ્જ્ઞાન તે અમૃત સમાન છે, તે જ મોક્ષમાર્ગી જીવની આંખ છે; સમ્યગ્જ્ઞાનચક્ષુ વડે આખું જગત જણાય છે, ને વસ્તુસ્વરૂપ ઓળખીને મોક્ષમાર્ગ સધાય છે. તેનું નિત્ય આરાધન કરો.

રાજાએ પ્રસન્નતાપૂર્વક કહ્યુંઃ હે પ્રભો! હવે સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનપૂર્વક, જેનું પાલન આપના જેવા વીતરાગ મુનિવરો કરે છે એવા સમ્યક્ચારિત્રનું સ્વરૂપ કૃપા કરીને કહો.

ચારિત્રધારી મુનિરાજે સમ્યક્ચારિત્રનું સ્વરૂપ બતાવતાં કહ્યુંઃ હે રાજન! સાંભળો! સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનપૂર્વક શુદ્ધોપયોગ વડે આત્મસ્વરૂપમાં લીન થવું –ચરવું તે ચારિત્ર છે. તે ચારિત્રમાં રાગ નથી. મુનિઓને આવા શુદ્ધભાવરૂપ ચારિત્રની સાથે, હિંસાદિ સમસ્ત પાપોનો અભાવ, અને અહિંસાદિ મહાવ્રતોનું પાલન હોય છે; એટલે વ્યવહારથી ચારિત્રના ૧૩ પ્રકાર છેઃ અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય, અપરિગ્રહ (એ પાંચ મહાવ્રત), મનગુપ્તિ, વચનગુપ્તિ, કાયગુપ્તિ (એ ત્રણ ગુપ્તિ), ઈર્યા, ભાષા, એષણા, આદાનનિક્ષેપણ અને પ્રતિષ્ઠાપન (એ પાંચ સમિતિ). –સર્વસંગત્યાગી નિર્ગ્રંથ–મુનિવરોને રત્નત્રયની શુદ્ધપરિણતિ સહિત આવા તેર પ્રકારના ચારિત્રનું પાલન હોય છે. –આ સમ્યક્ચારિત્ર સાક્ષાત્ મોક્ષસુખ દેખારું છે...એનો મહિમા અપાર છે.

હે ભવ્ય! આ રીતે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રનું સ્વરૂપ બતાવ્યું; તે ત્રણેને તું રાગ વગરનાં જાણ. 'सरधो जानो भावा लाई, तीनोंमें ही रागा नांही!' હે મુમુક્ષુ જીવો! રત્નત્રયનો અચિંત્ય મહિમા જાણીને તેનાથી આત્માને અલંકૃત કરો. સમ્યગ્દર્શનરૂપી હારને તો ગળે લગાવો, સમ્યગ્જ્ઞાનનાં કુંડળ કાનમાં પહેરો, ને સમ્યક્ચારિત્રરૂપી મુગટને મસ્તક ઉપર ધારણ કરો. સિદ્ધાંતનું સર્વસ્વ આ રત્નત્રય છે, રત્નત્રય એ જ જીવનું સાચું જીવન છે. તેમાં નિશ્ચયરત્નત્રય શુદ્ધઆત્માના જ આશ્રયે હોવાથી પરમ ઉત્તમ છે, ને તે મોક્ષનું સાક્ષાત્ કારણ છે; ધ્યાનમાર્ગ વડે તેની પ્રાપ્તિ થાય છે. માટે મુમુક્ષુ જીવોએ અવશ્ય પ્રયત્નપૂર્વક તેનું આરાધન કરવું જોઈએ.

રત્નત્રયનો આવો સુંદર મહિમા સાંભળીને વૈશ્રવણ રાજાએ કહ્યુંઃ– હે સ્વામી! આવા રત્નત્રય ધારણ કરવાની મારી ભાવના છે, પરંતુ અત્યારે હું અસમર્થ છું. અત્યારે તો સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાનની આરાધનાપૂર્વક ચારિત્રની ભાવના ભાવું છું. હે પ્રભો! એ રત્નત્રય પ્રત્યે પરમભક્તિ–બહુમાનપૂર્વક ઠાઠમાઠથી તેની મહાન પૂજા કરવાની મારી ભાવના છે, તો તે રત્નત્રયવ્રતનું વિધાન મને સમજાવો. તેના વડે હું રત્નત્રયની ભક્તિ કરીશ, અને ભવિષ્યમાં રત્નત્રયની સાક્ષાત્ આરાધના કરીને ચારિત્રપદ અંગીકાર કરીશ.

શ્રી મુનિરાજે કહ્યું: હે રાજા! તમે ભવ્ય છો, તમારી ભાવના ઉત્તમ છે, આગામી મનુષ્યભવમાં તમે ભરતક્ષેત્રના તીર્થંકર થવાના છો. રત્નત્રય પ્રત્યેની તમારી ભક્તિ પ્રશંસનીય છે. તે રત્નત્રયની ઉપાસના માટેનું વ્રતવિધાન હું સંક્ષેપમાં કહું છું–તે સાંભળો.

ભાદ્રમાસમાં સુદ ૧૩–૧૪–૧૫ એ ત્રણ દિવસો રત્નત્રયવિધાનના ઉત્તમ દિવસો છે. રત્નત્રયવ્રતનો ઉપાસક જીવ શ્રદ્ધાભક્તિપૂર્વક આગલે દિવસે જિનમન્દિરમાં જઈ પૂજન કરે, શ્રીગુરુ પાસે જઈને આત્મહિતકારી આગમ સાંભળે, મુનિરાજનો સુયોગ બની જાય તો તેમને તથા અન્ય સાધર્મીઓને આદરથી આહારદાનાદિ કરે, ને રત્નત્રયવ્રતનો સંકલ્પ કરીને અત્યંત આનંદ ઉલ્લાસપૂર્વક તેનો પ્રારંભ કરે. પછી ૧૩–૧૪–૧૫ ત્રણે દિવસે ઉપવાસ (અથવા શક્તિમુજબ એકાશન વગેરે) કરે; આરંભકાર્યો છોડી ગૃહવાસથી વિરક્તપણે રહે, સત્સંગમાં ને ધર્મધ્યાનમાં વિશેષપણે રહીને રત્નત્રયના સ્વરૂપનું ચિંતન કરે, તેની પ્રાપ્તિ કેમ થાય તેનો ઉપાય વિચારીને અંદર તેનો વિશેષ પ્રયત્ન કરે. પ્રતિદિન જિનમંદિરે જઈ સાધર્મીજનોના સમૂહ સાથે ઠાઠમાઠથી જિનદેવની પૂજા ઉપરાંત રત્નત્રયધર્મની સ્થાપનાપૂર્વક મહાન ઉલ્લાસપૂર્વક તેનું પૂજન કરે. (જાપ વગેરે વિશેષ વિધિનો યોગ બને તો તે વિધિ પણ કરવી.) (સુવિધા અનુસાર માહ અને ચૈત્રમાસના ત્રણ દિવસોમાં પણ રત્નત્રય–ઉપાસનાની વિધિ કરવી.) ઉપાસનાના દિવસોમાં હંમેશાં પ્રાતઃકાળમાં વીતરાગતાના અભ્યાસરૂપ (એટલે કે શુદ્ધોપયોગના પ્રયોગરૂપ) સામાયિક કરવી. દિવસે તેમજ રાત્રે પ્રમાદ છોડીને આત્મસન્મુખભાવોનો અભ્યાસ કરવો, રત્નત્રયવંત મુનિઓનું જીવન ચિંતવીને તેની ભાવના કરવી; તથા રત્નત્રયવંત જીવો પ્રત્યે બહુમાનથી રત્નત્રયની આનંદમય ભક્તિ ચર્ચા વગેરે કરીને, આત્માને રત્નત્રય પ્રત્યે ઉત્સાહિત કરવો.

–આ રીતે શુદ્ધરત્નત્રય પ્રત્યે તીવ્ર ભક્તિ ને પ્રેમના ગદ્ગદ્ભાવે મહાન આનંદ ઉલ્લાસપૂર્વક ત્રણ દિવસ પૂજનાદિ કરીને, ચોથા દિવસે તેની પૂર્ણતા નિમિત્તે મહાન ઉત્સવપૂર્વક જિનેન્દ્રદેવનો અભિષેક કરવો. પૂજન, શાસ્ત્રશ્રવણ, ધર્માત્માઓનું સન્માન–આહારદાનાદિ કરીને પછી પ્રસન્નચિત્તે પોતે પારણું કરવું; ને આ પ્રસંગે દાનાદિ દ્વારા ધર્મપ્રભાવના કરવી. –આ પ્રમાણે ત્રણ વર્ષ સુધી (અગર ભાવના મુજબ પાંચ કે તેર વર્ષ સુધી કરીને પછી દેવ–ગુરુ–ધર્મના મહાન ઉત્સવ–ભક્તિપૂર્વક તેનું ઉદ્યાપન કરીને, તન–મન–ધનથી–શાસ્ત્રથી અનેક પ્રકારે ઉલ્લાસપૂર્વક રત્નત્રયધર્મનો ઉદ્યોત થાય, ને સર્વત્ર તેનો મહિમા પ્રસરે –એ રીતે પ્રભાવના કરવી. જિનમંદિરમાં ત્રણ છત્ર, ત્રણ કળશ, ત્રણ શાસ્ત્ર વગેરે અનેક પ્રકારની ત્રણ–ત્રણ વસ્તુઓનું દાન કરવું, સાધર્મીઓનું સન્માન કરવું. (દેશ–કાળની પરિસ્થિતિ અનુસાર વર્તવું ને જ્ઞાન–શાસ્ત્રપ્રચારની મુખ્યતા રાખવી.) હે રાજન! આ પ્રમાણે રત્નત્રયવંતનું વિધાન જાણો.

શ્રી મુનિરાજ પાસેથી રત્નત્રયવ્રતનું વિધાન સાંભળીને વૈશ્રવણરાજાને ઘણો હર્ષ થયો. ને મુનિરાજને વંદન કરીને રાજમહેલે આવ્યો. તેણે રત્નત્રયવ્રત–વિધાનનો મહાન ઉત્સવ કરીને, તેના ઉદ્યાપન વડે જૈનધર્મની મહાન પ્રભાવના કરી.

–એ રીતે ધર્મનું આચરણ કરતા–કરતા એક દિવસ તે વૈશ્રવણરાજા વનવિહાર કરવા ગયા; જતી વખતે રસ્તામાં એક સુંદર વડનું ઝાડ દેખ્યું ને પાછા ફરતાં તે ઝાડ વીજળી પડવાથી ભસ્મીભૂત થઈ ગયેલું જોયું. –આવી ક્ષણભંગુરતા દેખીને રાજાનું ચિત્ત એકદમ સંસારથી વિરક્ત થઈ ગયું. ઉત્તમ બાર વૈરાગ્યભાવનાપૂર્વક, સંસાર–ભોગ છોડીને, શરીરનું પણ મમત્વ છોડીને, શ્રીનાગ નામના મુનિરાજ સમીપ જઈને જિનેશ્વરી દીક્ષા અંગીકાર કરી ને આત્મધ્યાનમાં શુદ્ધોપયોગવડે સમ્યક્રત્નત્રયદશા પ્રગટ કરી; સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર વડે મોક્ષના સાક્ષાત્ આરાધક થયા.

રત્નત્રયધારી તે વૈશ્રવણ મુનિરાજે દર્શનશુદ્ધિ વગેરે ૧૬ ભાવના વડે તીર્થંકરનામકર્મ બાંધ્યું; બાર અંગના જ્ઞાન વડે તેઓ શ્રુતકેવળી થયા; પછી અનુક્રમે સમાધિમરણ કરી, અપરાજિત વિમાનમાં અહમિન્દ્ર થઈ, આ ભરતક્ષેત્રમાં બંગપ્રાંતની મિથિલા નગરીમાં અવતાર લઈ, રત્નત્રયધર્મના પ્રતાપે ૧૯ મા મલ્લિનાથ તીર્થંકર થયા, અને દિવ્યધ્વનિવડે જગતના જીવોને રત્નત્રયધર્મનો માર્ગ બતાવ્યો. તે માર્ગ આજે પણ જયવંત વર્તે છે.

**તે મલ્લિનાથ તીર્થંકરને નમસ્કાર હો.**
**રત્નત્રય-ધર્મ જયવંત વર્તો.**

## ❀ જ્ઞાનીની જાગૃત ચેતના ❀

સમ્યગ્દૃષ્ટિ–ધર્માત્માને નિદ્રાઅવસ્થા વખતે ચક્ષુ વગેરે ઇન્દ્રિયવિષયોમાં ભલે પ્રતિબંધ હો, પરંતુ તે વખતેય અતીન્દ્રિયસ્વભાવી પોતાનો આત્મા, તેની પ્રતીતરૂપ આત્મદર્શનમાં તેને કોઈ પ્રતિબંધ નથી. જાગતી વખતે જેવી આત્મશ્રદ્ધા છે, ઊંઘતી વખતે પણ તેવી જ આત્મશ્રદ્ધા વર્તી રહી છે. માટે જ્ઞાનીને સદા જાગૃત કહ્યા છે...તેની જ્ઞાનચેતના એવી જાગૃત છે કે પોતાના સ્વકાર્યને ઊંઘ વખતેય તે છોડતી નથી. “વાહ જ્ઞાની ! ધન્ય તારી જાગૃત ચેતના ! ”

# વીરનાથના ઉપદેશમાં આત્માને ઉપયોગસ્વરૂપ કહ્યો છે.

## સાચું જીવન એટલે ચેતનમય જીવન; તે જીવવાની રીત

આત્માનો સ્વભાવ સદા શુદ્ધ ચેતનાલક્ષણરૂપ છે; તે ચેતનાને જ શુદ્ધધર્મ ભગવાને કહ્યો છે. તેમાં રાગરૂપ ભાવકર્મ નથી, તેમ જ જડકર્મ પણ નથી. આ રીતે કર્મથી વિમુક્ત ચેતનાસ્વરૂપે આત્માને ચેતવો–અનુભવવો તે જ શુદ્ધધર્મ છે.

શુદ્ધ દ્રવ્યાર્થિકનયથી જોતાં બધા આત્મા સદા શુદ્ધ ચેતનાલક્ષણસંપન્ન છે. આવા આત્માના અનુભવરૂપ ચેતનાધર્મ તે મોક્ષમાર્ગ છે.

રાગાદિ વિકલ્પમાં ચેતના નથી, ને ચેતનામાં રાગાદિ નથી. રાગાદિ તે કાંઈ આત્માનું સ્વલક્ષણ નથી. રાગ વગરનો આત્મઅનુભવ સંભવે છે પણ ચેતના વગરનો આત્મઅનુભવ અસંભવ છે.

–આ રીતે સ્પષ્ટ ભેદજ્ઞાન કરીને, રાગથી જુદી પરિણમતી જે જ્ઞાનચેતના તેના વડે આત્મા લક્ષમાં આવે છે, ને તે ચેતના જ આત્માનું લક્ષણ છે. આવા સ્વધર્મરૂપ લક્ષણ વડે આત્મા લક્ષિત થાય છે–એમ જિનશાસનમાં સર્વજ્ઞદેવે કહ્યું છે.

**સર્વજ્ઞ-જ્ઞાનવિષે સદા ઉપયોગલક્ષણ જીવ છે;**
**તે કેમ પુદ્‌ગલ થઈ શકે કે ‘મારું આ’ તું કહે અરે!**

(સમયસાર ગાથા. ૨૪)

ઉપયોગલક્ષણ વડે અંદરમાં શરીરથી વિલક્ષણ તારા આત્માને શોધ, ચૈતન્યભાવમાં કેલિ કરતું તારું સત્ત્વ દેખીને તને મહા આનંદ થશે.

ચેતના તે આત્માનો અસલી સ્વભાવભૂત ધર્મ છે. રત્નત્રયધર્મનું લક્ષણ પણ ચેતના જ છે; ચેતનાના અનુભવમાં રત્નત્રયરૂપ મોક્ષમાર્ગ સમાય છે. મુક્તિ તે સર્વકર્મથી તેમ જ સર્વ રાગથી રહિત ચૈતન્યદશા છે, તે મુક્તિનો ઉપાય પણ શુભાશુભરાગ વગરનો તેમ જ જડકર્મના સંબંધ વગરનો એવો શુદ્ધ ચૈતન્યભાવ છે.

શુદ્ધનયથી આત્માનો સ્વભાવ સર્વકર્મથી વિમુક્ત ઉપયોગસ્વરૂપ છે, તેને ઓળખીને તેમાં એકાગ્ર થતાં શુદ્ધ સમ્યગ્જ્ઞાન–દર્શન–ચારિત્ર પ્રગટયા તે મોક્ષમાર્ગ છે. તેને શુદ્ધચેતના પણ કહેવાય છે. આવો ધર્મ તે કર્મથી છૂટવાનો માર્ગ છે. આવી શુદ્ધાત્માની

ઉપાસનાનું અલૌકિક વર્ણન સમયસારમાં છે. અહો, સમયસારમાં તો બહુ ગંભીરતા છે.

મોક્ષના માર્ગરૂપ જે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર છે તે ત્રણેય શુદ્ધ ચેતનારૂપ છે, રાગરૂપ નથી કે દેહની ક્રિયારૂપ નથી. આવા રત્નત્રયરૂપ શુદ્ધચેતના તે આત્માનો ધર્મ છે, આત્માનો સ્વભાવ છે. 'ચેતના' ને રત્નત્રયધર્મનું લક્ષણ કહ્યું છે પણ રાગને લક્ષણ નથી કહ્યું; રાગનો તો તેમાં અભાવ છે, એટલે રત્નત્રયમાં કયાંય રાગ ન આવે; રત્નત્રય રાગ વગરનાં છે અને તે જ મોક્ષનું સાધન છે. આવા રાગ વગરનાં રત્નત્રય તે જ મહાવીરપ્રભુનો વીતરાગમાર્ગ છે; તે માર્ગે મોક્ષ પમાય છે.

જુઓ, મોક્ષમાર્ગમાં રત્નત્રયને રાગ વગરનાં લીધા છે, ને તેને ચેતનાનો ધર્મ કહ્યો છે. વ્યવહાર રત્નત્રયમાં જે રાગનો ભાગ છે તે કાંઈ ચેતનાનો ધર્મ નથી. રાગ તે આત્માનો સ્વભાવ નથી પણ બંધનો સ્વભાવ છે; તે તો કર્મ બાંધનાર છે, તે કાંઈ જીવને કર્મથી છોડાવનાર નથી. અને ચેતનારૂપ રત્નત્રયધર્મ તો કર્મથી વિવર્જિત છે. પૂજા–દાન વગેરેના શુભરાગને ભગવાને લૌકિકધર્મ કહ્યો છે પણ મોક્ષના કારણરૂપ પરમાર્થધર્મ તે નથી; પરમાર્થધર્મ તો રાગ વગરનો છે. આવા રાગ વગરના રત્નત્રયની આરાધના તે મહાવીરપ્રભુનો માર્ગ છે, તે જૈનશાસન છે.

જૈનશાસનમાં ત્રણેકાળે ધર્મનું આવું સ્વરૂપ ઓળખવું. ભરતમાં ઐરવતમાં કે વિદેહક્ષેત્રમાં સદાય આવો ચેતનાલક્ષણરૂપ આત્મધર્મ છે, તેમાં રત્નત્રય સમાય છે ને તે જ મોક્ષમાર્ગ છે. આવા માર્ગને ઓળખીને ચેતનાના અનુભવની નિરંતર ભાવના કરવા જેવી છે. તે જ અહિંસાધર્મનો મૂળ પાયો છે.

ઉપયોગસ્વરૂપની અનુભૂતિ એ જ સાચું જીવન છે.

આયુકર્મ વગર જીવી શકાય?

–હા, સાચું જીવન આયુકર્મ વગર જ જીવી શકાય છે. અનંત સિદ્ધભગવંતો આયુ વગર એવું જીવન જીવે છે. જીવના પ્રાણ ચૈતન્ય છે. (आत्मद्रव्यहेतुभूत चैतन्यमात्र भावधारणलक्षणा जीवत्व शक्तिः।) ચૈતન્યમાત્ર ભાવને ધારણ કરીને સદા જીવે એવી આત્માની જીવત્વશક્તિ છે, એટલે જીવ સદા ચૈતન્ય–જીવનથી જીવનારો છે, આયુકર્મથી નહિ.

જો આયુકર્મથી જીવ જીવતો હોત તો બધા સિદ્ધભગવંતો મરી જાત.

આયુના અભાવમાં કાંઈ જીવનો અભાવ થતો નથી.

આવા ચૈતન્યજીવનને ઓળખે તેને દેહબુદ્ધિ રહે નહિ, ને મરણનો ભય મટી જાય.

જેને આયુકર્મનો અભાવ થયો તેનું મૃત્યુ કદી થઈ શકતું નથી.

શું આયુકર્મથી જીવ જીવે છે?

–ના; જેને આયુકર્મ નથી તે સદાય જીવે છે, તેને કદી મરણ થતું નથી. જેને આયુકર્મ છે તે તો મરે છે.

આયુકર્મને આધીન રહીશ તો તું મરીશ.

આયુકર્મથી છૂટો પડી જા તો તું સદા જીવીશ.

આયુકર્મ વગર, સ્વાધીન ઉપયોગવડે તું જીવનાર છો.

અરે, તને તારા આત્માનું સ્વાધીન જીવન જીવતાંય ન આવડયું, ને આયુકર્મને આધીન રહીને અનંતવાર તું મર્યો, દુઃખી થયો. હવે, દેહ અને કર્મથી પાર તારા સ્વાધીન ચૈતન્યથી જીવતાં શીખ, તો કદી મરણ નહિ થાય, ને સદાકાળનું સુખી જીવન રહેશે. તેથી સંતો કહે છે કે–

**ઉપયોગલક્ષણ જીવ છે, ને એ જ સાચું જીવન છે.**
**એ જીવજો જીવડાવજો-પ્રભુ વીરનો સન્દેશ છે.**
**ચેતનજીવન વીરપંથમાં, નહીં દેહજીવન સત્ય છે;**
**ચેતન રહે નિજભાવમાં બસ! એ જ સાચું જીવન છે.**

**સિદ્ધ ભગવંતો અમર છે; તેમને મરણ કેમ નથી?**

**આયુકર્મનો સર્વથા અભાવ હોવાથી તેમને કદી મરણ નથી.**

જો આયુથી જીવ જીવતો હોત તો તે આયુના અભાવમાં જીવનોય અભાવ થઈ જાત. જીવ તો આયુ વગર પોતાના ચૈતન્યભાવથી જ જીવે છે–એવી તેની જીવત્વશક્તિ છે. જ્યાં ચૈતન્યભાવ પૂરો ખીલી ગયો છે ત્યાં અમર જીવન પ્રગટે છે.

**આ રીતે ચૈતન્યમય વીતરાગભાવ તે આત્માનું જીવન છે.**

**અહિંસા તે ચૈતન્ય-જીવન છે. હિંસા તે મરણ છે.**

માટે હે ભવ્ય જીવો! જિન–સિદ્ધાંતને જાણીને વીતરાગભાવરૂપ પરમ અહિંસાધર્મનું સેવન કરો.

જય મહાવીર.

# અપૂર્વ શાંતિ પામવા આત્માને ઓળખો

[ લેખાંક: ૯ ]

**બહિરાત્મા અને અંતરાત્માના વલણમાં ઘણો મોટો ફેર હોય છે. અજ્ઞાનીને બહારમાં જ આત્મબુદ્ધિ હોવાથી તે સ્વર્ગના દિવ્યશરીરને તથા વિષયભોગોને જ વાંછે છે; ને જ્ઞાની તો શરીર અને વિષયોથી પાર એવા પોતાના ચૈતન્યસુખને જાણીને તેમાં જ ઠરવા ચાહે છે, બહારમાં ક્યાંય તેને પોતાનું જરાય સુખ ભાસતું નથી.**

## [ સમાધિશતક-પ્રવચનમાંથી ]

જેને રાગની રુચિ છે તેને વિષયોની રુચિ છે, તેને આત્માના ધર્મની રુચિ નથી. શુભરાગ તે ભોગસામગ્રીનો હેતુ છે; તે રાગને જે ધર્મ માને છે તે જીવ ભોગના હેતુરૂપ ધર્મને જ શ્રદ્ધે છે પણ મોક્ષના હેતુભૂત ધર્મને તે શ્રદ્ધતો નથી.

રાગરહિત જ્ઞાનચેતનામાત્ર જે પરમાર્થધર્મ છે, તે મોક્ષનો હેતુ છે; તેને તો અજ્ઞાની ઓળખતો નથી; એટલે ખરેખર મોક્ષના કારણરૂપ ધર્મને તે નથી આરાધતો, પરંતુ સ્વર્ગાદિ-ભોગના કારણરૂપ રાગને જ તે સેવે છે એટલે કે સંસારને જ સેવે છે.

અને ધર્માત્મા તો રાગમાં કે રાગના ફળરૂપ વિષયોમાં ક્યાંય સુખ માનતા નથી, તે રાગથી પાર એવા પોતાના ચિદાનંદસ્વભાવને જ તેઓ સુખરૂપે વેદે છે; ચૈતન્યસ્વાદની મધુરતા પાસે તેઓ રાગથી ને વિષયોથી તો દૂર રહેવા માંગે છે. જેણે ચૈતન્યરસનો સ્વાદ ચાખ્યો એની દશા કોઇ અલૌકિક હોય છે.

સ્વર્ગના દિવ્યભોગો તે પણ પુદ્‌ગલની રચના છે. –તેમાં સુખ કેવું? ક્યાં ચૈતન્યનું સુખ! ને ક્યાં અચેતન પુદ્‌ગલરચના! –બંનેને અત્યંત જુદાઈ છે.

એક તરફ અતીન્દ્રિય આત્માનો વિષય, ને બીજી તરફ ઇન્દ્રિયવિષયો,–તે બંનેની રુચિ એકસાથે ન હોઈ શકે. જેને એકની રુચિ છે તેને બીજાની રુચિ નથી. રાગનું ફળ

અતીન્દ્રિય આનંદ નથી પણ ઇન્દ્રિયવિષયો જ છે, તેથી જેને રાગની રુચિ છે તેને અતીન્દ્રિય આત્માની રુચિ નથી.

કષાયની મંદતા કરીને, શુભરાગથી કંઈક વ્રત–તપ કરે, તે રાગની મીઠાશથી મૂઢ અજ્ઞાનીને એમ થઈ જાય છે કે મેં ઘણું કર્યું...પંચમહાવ્રત પાળે ત્યાં, અજ્ઞાનીને એમ થઈ જાય છે કે મેં ઘણો મોક્ષમાર્ગ સેવ્યો....હું ધર્મમાં ઘણો આગળ વધી ગયો. પણ તે ખરેખર મોક્ષમાર્ગમાં આવ્યો જ નથી, સંસારમાર્ગમાં જ ઊભો છે.

અને કોઈ જ્ઞાની–ધર્માત્મા ગૃહસ્થપણામાં હોય, તેને અંતરમાં વિષયોથી ને રાગથી પાર ચૈતન્યતત્ત્વના આનંદનું વેદન થઈ ગયું છે; તેને વ્રત–તપ ન હોવા છતાં અંતરમાં અપૂર્વદ્રષ્ટિના બળે અનંત સંસાર કાપી નાખ્યો છે, ને મોક્ષના આરાધક થઈ ગયા છે.

ત્યાં અજ્ઞાની તેની અપૂર્વ અંતર્દ્રષ્ટિના અચિંત્ય મહિમાને તો ઓળખતો નથી અને મૂઢતાથી એમ માને છે કે આને તો કાંઈ વ્રત–તપ નથી ને અમે તો વ્રત–તપ પાળીએ છીએ, માટે અમે તો એનાથી ઘણા આગળ વધી ગયા! –એવા જીવને અહીં પૂજ્યપાદસ્વામી કહે છે કે અરે મૂઢ અજ્ઞાની! તારાં વ્રત–તપ તો સંસારનું જ કારણ છે; તને ચૈતન્યનું તો ભાન નથી ને વિષયોની ભાવના છૂટી નથી, તારો સંસાર જ જરાય છૂટયો નથી; ને ધર્માત્માને અંતરમાં ચૈતન્યભાવનાથી અનંત સંસાર છૂટી ગયો છે. વ્રત–તપ કરવા છતાં તું તો સંસારમાર્ગી છો ને તે ધર્માત્માને વ્રત–તપ ન હોવા છતાં તે મોક્ષમાર્ગી છે. છતાં એને હલકો માનીને, ને પોતાને તેનાથી અધિક માનીને તું મોક્ષમાર્ગની મોટી વિરાધના કરી રહ્યો છે.

સ્વતત્ત્વ ને પરતત્ત્વ બે ભાગ પાડીને ટૂંકામાં સમજાવે છે કે સ્વદ્રવ્ય તરફ જે વળ્યો તે મુક્ત થાય છે, ને જેણે પરદ્રવ્યમાં આત્મબુદ્ધિ કરી તે બંધાય છે. પરદ્રવ્યાશ્રિત બંધન અને સ્વદ્રવ્યાશ્રિત મુક્તિ, આ ટૂંકો સિદ્ધાંત છે.

સાત તત્ત્વોમાં જીવ તે સ્વતત્ત્વ, અજીવ તે પરતત્ત્વ, આસ્રવ ને બંધ તે અજીવના આશ્રયે થતા હોવાથી તે અજીવ સાથે અભેદ થયા; ને સંવર–નિર્જરા–મોક્ષરૂપ પર્યાયો તે શુદ્ધ જીવસ્વભાવના આશ્રયે થતી હોવાથી જીવ સાથે અભેદ થઈ. આ રીતે શુદ્ધ પર્યાયસહિત જીવતત્ત્વ તે સ્વદ્રવ્ય છે ને તે જ ઉપાદેય છે. અશુદ્ધતા ને અજીવ તે બધા પરદ્રવ્ય છે ને તે હેય છે. આમ બે ભાગ પાડીને સ્પષ્ટ સમજાવ્યું છે. તેમાં ઉપાદેયરૂપ સ્વતત્ત્વમાં જ જે આત્મબુદ્ધિ કરે છે તે તો અજીવથી–આસ્રવથી ને બંધનથી ચ્યૂત થઈને મુક્તિ પામે છે;

અને હેયરૂપ પરતત્ત્વમાં (દેહાદિમાં–રાગાદિમાં) જે આત્મબુદ્ધિ કરે છે તે નિજસ્વરૂપથી ચ્યૂત થઈને સંસારમાં રખડે છે. આ રીતે બંધ–મોક્ષનાં કારણને ઓળખીને બંધનાં કારણને છોડવું, ને મોક્ષનું કારણ સેવવું.

નિજસ્વરૂપમાં એકત્વથી જીવ મુક્તિ પામે છે; ને પર પદાર્થોમાં એકત્વથી જીવ બંધાય છે. માટે મુમુક્ષુએ સ્વ–પરને અત્યંત ભિન્ન જાણીને ભેદજ્ઞાન કરવું જોઈએ.

સમ્યગ્દ્રષ્ટિ જીવ વસ્તુસ્વરૂપનો જ્ઞાતા છે; દેહથી ભિન્ન પોતાનું ચૈતન્યસ્વરૂપ તેની પ્રતીતિમાં આવી ગયું છે, તેથી તે પોતાને ચૈતન્યસ્વરૂપે જ અનુભવે છે, મનુષ્ય વગેરે દેહરૂપે તે પોતાને માનતો નથી.

આ સંસારમાં જીવને દેહ–સ્ત્રી વગેરેના સંયોગો અનંતવાર આવ્યા ને ગયા, એ રીતે સંયોગપણે અનંતવાર ભોગવાઈ ગયા હોવાથી તે બધા પદાર્થો ચૈતન્યને માટે એંઠ જેવા છે, એંઠને કોણ ફરીને મુખમાં નાંખે? તેમાં કોણ સુખ માને? એ રીતે જ્ઞાનીને ચૈતન્યથી બાહ્ય આખા જગતમાં ક્યાંય સુખની કલ્પના નથી માટે તેને તો તે એંઠ સમાન જ છે. અને, જગતના પદાર્થો જગતમાં છે, પરંતુ પોતે અંતર્મુખ થઈને જ્યાં પોતાના આત્મામાં વળ્યો, ત્યાં તે સ્વતત્ત્વમાં જગત ભાસતું નથી માટે તે સ્વપ્ન સમાન કહ્યું.

અહા! આવા ચૈતન્યતત્ત્વના અનુભવની ધૂનમાં જગતની અનુકૂળતા–પ્રતિકૂળતા ક્યાં જોવી? ચૈતન્યની ધૂન આડે જગતની અનુકૂળતા–પ્રતિકૂળતા જોવામાં જ્ઞાની રોકાતા નથી, એટલે ગમે તેવા પ્રસંગમાં પણ ચૈતન્યની સમાધિ તેને વર્ત્યા જ કરે છે. સમ્યગ્દર્શનમાંય મહાન સમાધિની તાકાત છે. સમ્યગ્દર્શન ગમે ત્યારે ગમે તેવા પ્રસંગમાં પણ સ્વવસ્તુને ભૂલતું નથી, સ્વવિષયમાં તેને ભ્રાંતિ થતી જ નથી, એટલે તેને શાંતિ અને સમાધિ થાય છે. અને ચારિત્રવંત જીવોની સમાધિની તો શી વાત!

આત્મા જ્ઞાનસ્વભાવ છે; તે જ્ઞાનસ્વભાવની પ્રાપ્તિનું નામ મુક્તિ છે. માટે મોક્ષેચ્છુ જીવે જ્ઞાનસ્વભાવની ભાવના ભાવવી. જુઓ, આ મોક્ષ માટેની ભાવના! જ્ઞાનસ્વભાવની ભાવના કહો, આત્મભાવના કહો, કે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રની આરાધના કહો, તે જ મોક્ષનો ઉપાય છે. અંતરાત્માને સાવધાન કરે છે કે હે અંતરાત્મા! દેહથી ભિન્ન ચૈતન્યતત્ત્વને જાણીને તેં જે અપૂર્વ દશા પ્રગટ કરી છે તેમાં ભેદજ્ઞાનની એવી દ્રઢ ભાવના રાખજે કે પૂર્વની ભ્રાંતિના સંસ્કાર ફરીને જાગે નહીં.

વીતરાગી સમાધિ માટે ધર્મીજીવ ભેદજ્ઞાનની દ્રઢ ભાવના ભાવે છે કે–આ જે

શરીરાદિ દેશ્ય પદાર્થો છે તે તો અચેતન છે; તેને તો કાંઈ ખબર નથી કે કોણ અમારા ઉપર રાગ કરે છે કે કોણ દ્વેષ કરે છે? અને રાગદ્વેષાદિને જાણનાર જે ચેતનતત્ત્વ છે તે તો ઇન્દ્રિયોથી અગ્રાહ્ય–અદેશ્ય છે; તો હું કોના ઉપર રાગ–દ્વેષ કરું! માટે બાહ્ય પદાર્થોથી ઉદાસીન થઈને હું મધ્યસ્થ થાઉં છું. મારા રાગ–દ્વેષનો કોઈ વિષય નથી; હું તો જ્ઞાતા રહીને ઉદાસીન–મધ્યસ્થ થાઉં છું. પર પ્રત્યે મધ્યસ્થ રહીને અતીન્દ્રિય જ્ઞાનવડે હું મારા સ્વતત્ત્વને જ વિષય કરું છું; આત્મા જ મારો ધ્યેય છે...તેને જ જ્ઞાનનો વિષય બનાવીને હું મધ્યસ્થ થાઉં છું. આ મધ્યસ્થતા તે જ સમાધિ છે. સમકિતીને જ આવી સમાધિ થાય છે.

હું તો જ્ઞાનમૂર્તિ જ્ઞાયક છું...જગતના પદાર્થો સૌ સૌના પરિણમન–પ્રવાહમાં ચાલ્યા જાય છે...જેમ નદીમાં પાણીનું પૂર આવે ત્યાં પાણીનો પ્રવાહ તો ચાલ્યો જ જાય છે...કોઈ અજ્ઞાની કાંઠે ઊભો–ઊભો એમ માને કે “આ મારું પાણી આવ્યું...ને અરે! મારું પાણી ચાલ્યું જાય છે!!” તો તે દુઃખી થાય. અથવા એમ માને કે પાણીના પ્રવાહમાં હું તણાઈ જાઉં છું–તો તે દુઃખી જ થાય. પણ કાંઠે ઊભો ઊભો મધ્યસ્થપણે જોયા કરે તો તેને કાંઈ દુઃખ ન થાય. તેમ જગતના પદાર્થોનો પરિણમન–પ્રવાહ ચાલ્યો જાય છે; તેનો મધ્યસ્થપણે જ્ઞાતા રહેવાને બદલે જે અજ્ઞાની જીવ એમ માને છે કે હું આ પદાર્થોને પરિણમાવું છું, અથવા આ મારા પદાર્થો છે, –તે જીવ મોહથી દુઃખી થાય છે. અથવા જે જીવ મધ્યસ્થ–વીતરાગી જ્ઞાતા ન રહેતાં તે પરિણમન–પ્રવાહમાં રાગ–દ્વેષ કરીને તણાય છે તેને પણ રાગ–દ્વેષથી અસમાધિ અને દુઃખ થાય છે. પોતાના ચિદાનંદસ્વભાવમાં એકાગ્રતા કરીને બાહ્યપદાર્થો પ્રત્યે ઉદાસીન થઈ જતાં રાગ–દ્વેષ થતા નથી, ને વીતરાગી સમાધિરૂપ આનંદ અનુભવાય છે; માટે ધર્માત્માએ તેનું જ અવલંબન લેવું જોઈએ.

## શૂ......ર......વી......ર......

હે જીવ! જો તારામાં સાચી શૂરવીરતા હોય તો ગમે તેવા ઉપસર્ગપ્રસંગમાં પણ ધૈર્યપૂર્વક ક્ષમાભાવ રાખીને તારી ધર્મસાધનામાં દ્રઢ રહે. એવો શૂરવીર થા કે થોડાકાળમાં ઘણું કામ થઈ જાય. ઢીલો થઈશ તો તારા આત્મકાર્યને ક્યારે સાધીશ?

આત્મિક શાંતિરૂપી અહિંસક તલવાર લઈને કષાયશત્રુને હણી નાંખ, ને તારા રત્નત્રયની રક્ષા કર.

## ❀ પરમ આહ્‌લાદક આત્મઅનુભૂતિ તે મોક્ષની સખી છે ❀

સંસારથી તરવા માટે અત્યંત આસન્નભવ્ય સમ્યગ્દૃષ્ટિ જીવ સર્વોત્કૃષ્ટ એવા પોતાના પરમસ્વભાવને ભાવે છે. અહો, ઊંચામાં ઊંચા ચૈતન્યતત્ત્વની આ વાત છે. પ્રભુ! તારા પરમસ્વભાવની વાત સાંભળ તો ખરો! લક્ષમાં તો લે! એને લક્ષમાં લેતાં તને એમ થશે કે અહો, આવું અદ્‌ભુત મારું પરમતત્ત્વ! આ તત્ત્વની સન્મુખતાવડે જે સમ્યક્ત્વાદિ વીતરાગી સમભાવ પ્રગટયો તેમાં જ મારા તત્ત્વની સફળતા છે. ચૈતન્યસ્વભાવની સન્મુખ થઈને પરિણમ્યો ત્યાં કર્મનું મૂળ છેદાઈ ગયું, સંસાર મૂળમાંથી છેદાઈ ગયો, ને આત્મા પોતાના પરમ ચૈતન્યનિધિથી ભરેલા સ્વઘરમાં વસ્યો, તેણે 'સત્' એવા પોતાના સ્વભાવનું 'સાન્નિધ્ય' કર્યું, ને વિભાવથી તે દૂર થયો.

જુઓ, આ શુદ્ધાત્મસન્મુખ નિર્મળ પરિણતિરૂપે પરિણમેલા જીવનું અદ્‌ભુત ચૈતન્યસ્પર્શી વર્ણન! અહા, ધર્માત્માની અનુભૂતિ કેટલી ઊંડી ને કેટલી ગંભીર છે! –એને લક્ષગત કરવા માટે તો અંદર ચૈતન્યના પાતાળમાં પ્રવેશવું જોઈએ. એ અનુભૂતિ મુમુક્ષુને પરમ આહ્‌લાદ આપનારી છે.

અહા, ભેદજ્ઞાની કે અજ્ઞાની–બંને પ્રત્યે મને સમતા છે–આવી સમતા ક્યારે રહે? કે જ્યારે રાગ–દ્વેષ વગરની 'ચેતના' વેદનમાં આવી હોય! ચેતના પોતે સ્વરૂપથી જ રાગ–દ્વેષ વગરની છે–પછી સામે ભેદજ્ઞાની હો કે અજ્ઞાની હો–બંનેમાં સમતાપણે રહેવાની તાકાત ચેતનામાં જ છે. ચેતના જ તેને કહેવાય કે જેમાં રાગ–દ્વેષ ન હોય, જે રાગ–દ્વેષ કરે નહિ, ને રાગ–દ્વેષ વગરની સમતારૂપ જ રહે.

અહા, આવી સરસ ચેતના, આવી સરસ સમતા, તે તો મારી કૂળદેવી છે, મારી ચેતનાનું કૂળ જ સમતારૂપ છે, સમતા એ તો મારી ચેતનાનું સહજસ્વરૂપ છે. માટે ચેતનારૂપ એવા મને સર્વત્ર સમભાવ છે, કોઈ પ્રત્યે રાગ–દ્વેષ નથી, કોઈ મારું મિત્ર કે વેરી નથી. આવા વીતરાગી સમભાવરૂપ મારી ચેતના છે તે સર્વે જ્ઞાની–સંતોને સંમત છે. હું મારા આત્માને આવી ચેતનારૂપે જ સદા ભાવું છું...અનુભવ છું. તેથી મારી પરિણતિમાં સમતા સદા જયવંત છે. અહો, આવી આત્મઅનુભૂતિ પરમ આહ્‌લાદક છે; તે મોક્ષની સખી છે.

# ❀ અ ધ્યા ત્મ ર સ - ઘો લ ન ❀

## * ભવિકજનોને આનંદજનની વૈરાગ્ય-અનુપ્રેક્ષા *

## [ ૪: એકત્વભાવના ]

**આ ભાવનામાં છ ગાથા દ્વારા નરક-સ્વર્ગ કે મોક્ષ સર્વ અવસ્થામાં જીવનું એકલાપણું બતાવ્યું છે; બીજું કોઈ જીવનું સ્વજન નથી; પોતાના ઉત્તમ ક્ષમાદિ ધર્મો તે જ પોતાના સ્વજન છે. આમ જાણી પરની મમતા છોડી એકત્વ-આત્માની ભાવનામાં રહેવું તે તાત્પર્ય છે.**

૭૪. જીવ એકલો જ જન્મે છે, એકલો જ ગર્ભમાં દેહને ગ્રહણ કરે છે, બાળક અને યુવાન પણ એકલો જ થાય છે, ને જીર્ણઅવસ્થાથી ગ્રહાયો થકો વૃદ્ધ પણ તે એકલો જ થાય છે.

૭૫. વળી તે એકલો જ રોગી થાય છે, શોક એકલો જ કરે છે, એકલો જ માનસિક દુઃખોથી સંતાપ પામે છે, એકલો જ મરે છે, અને બિચારો એકલો જ નરકનાં દુઃખોને ભોગવે છે.

૭૬. વળી જીવ એકલો જ પુણ્યનો સંચય કરે છે, સ્વર્ગનાં વિવિધ સુખોને એકલો જ ભોગવે છે; વળી કર્મની ક્ષપણા પણ એકલો જ કરે છે, અને એકલો જ મુક્તિને પામે છે.

૭૭. આ જીવના દુઃખને કુટુંબી–સ્વજનો દેખતા હોવા છતાં તે દુઃખના લેશ માત્રને તેઓ લઈ શકતા નથી. –આ પ્રમાણે પ્રત્યક્ષ જાણતો હોવા છતાં જીવ તેની મમતાને છોડતો નથી.

૭૮. નિશ્ચયથી જીવના સ્વજન તો ઉત્તમ ક્ષમાદિ દશલક્ષણધર્મ જ છે–કેમકે તે જ જીવને

દેવલોકમાં લઈ જાય છે તથા તે જ દુઃખનો ક્ષય કરીને મોક્ષ પમાડે છે.

૭૯. હે ભવ્ય! સર્વ આદરપૂર્વક પ્રયત્ન વડે શરીરથી ભિન્ન એકલા જીવને જાણો! –કે જે જીવને જાણતાં વેંત જ અન્ય બધા પદાર્થો હેયરૂપ પ્રતિભાસે છે.

દેહ અનેક, જીવ એકલો, બંને જુદા જાણ;
સુખ-દુઃખ ભોક્તા એકલો, જાણી કરો કલ્યાણ.

**ચોથી એકત્વ-અનુપ્રેક્ષા પૂર્ણ**

જીવ એકલો જ મરે સ્વયં જીવ એકલો જન્મે અરે;
જીવ એકનું નીપજે મરણ, જીવ એકલો સિદ્ધિ લહે. (નિયમસાર)

## 卐 ૫. અન્યત્વ-અનુપ્રેક્ષા 卐

કર્મોદયજનિત સંયોગો તેમજ પરભાવોથી પણ ખરેખર આત્માનું સ્વરૂપ જુદું છે–એમ ત્રણ ગાથા દ્વારા અન્યત્વ બતાવીને, પરથી ભિન્ન આત્મસ્વરૂપના સેવનનો ઉપદેશ આપ્યો છે.

૮૦. કર્મના ઉદયવશ જીવ જે શરીરને ગ્રહણ કરે છે તે ભિન્ન છે, માતા પણ અન્ય છે, સ્ત્રી પણ અન્ય છે અને પુત્ર પણ અન્ય જ છે. [–આ રીતે બધાને ભિન્ન જાણીને હે જીવ! તારા એકત્વની ભાવના ભાવ.]

૮૧. એ રીતે બાહ્ય દ્રવ્યોને પોતાના સ્વરૂપથી ભિન્ન જાણતો હોવા છતાં મૂઢ જીવ તેમાં જ રાચે છે.

૮૨. જે દેહને જીવસ્વરૂપથી તત્ત્વતઃ ભિન્ન જાણીને, આત્માના સ્વરૂપને સેવે છે–તેને જ અન્યત્વભાવના કાર્યકારી છે.

નિજ આત્માથી ભિન્ન પર, જાણે જે નર દક્ષ,
ભાવે આતમ-ભાવના, તે શિવ લહે પ્રત્યક્ષ.

**[પાંચમી અન્યત્વઅનુપ્રેક્ષા સમાપ્ત]**

ઉપયોગમાં ઉપયોગ, કો ઉપયોગ નહીં ક્રોધાદિમાં;
છે ક્રોધ ક્રોધમહીં જ નિશ્ચય, ક્રોધ નહીં ઉપયોગમાં.

– ભગવત કુંદકુંદ.

## 卐 ૬. અશુચિત્વ-અનુપ્રેક્ષા 卐

**અશુચિનો ભંડાર એવો આ મનુષ્યદેહ, તેની મમતા છોડીને, અશરીરી આત્મભાવનામાં રત થવું, ને અશુચીરૂપ એવા ક્રોધાદિ ભાવોથી પણ આત્માને જુદો અનુભવવો–એમ પાંચ ગાથા દ્વારા આ છઠ્ઠી ભાવનામાં બતાવ્યું છે.**

* * * * *

૮૩. હે ભવ્ય! તું આ દેહને અશુચિમય જાણ; આ દેહ સમસ્ત કુત્સિત–અપવિત્ર વસ્તુનો પિંડલો છે, ઉદરમાં કૃમિ–કીડા–જૂ તથા નિગોદાદિ જીવોથી ભરેલો છે, અત્યંત દુર્ગન્ધમય છે, અને મળ–મૂત્રનું ઘર છે.

૮૪. અત્યંત પવિત્ર, રસવાળા, સુગંધી અને મનોહર એવા દ્રવ્યો પણ દેહનો સંબંધ થતાંવેંત ઘૃણાસ્પદ અને અત્યંત દુર્ગંધી થઈ જાય છે.

૮૫. કર્મરૂપ વિધિએ આ મનુષ્ય દેહને અશુચિમય બનાવ્યો છે–તેથી તું એમ જાણ કે તેનાથી વિરક્ત થવા માટે જ તેને અશુચિરૂપ બનાવ્યો છે; છતાં અજ્ઞાની જીવ ફરીને તેમાં જ અનુરક્ત થાય છે.

૮૬. એ રીતે શરીરને અશુચિમય દેખવા છતાં પણ જીવો તેમાં અનુરાગ કરે છે, અને જાણે કે તે પૂર્વે કદી મળ્યો ન હોય એમ સમજીને તેને આદરપૂર્વક સેવે છે.

૮૭. દેહનું આવું સ્વરૂપ જાણીને જે જીવ સ્ત્રી વગેરે અન્યના દેહપ્રત્યે વિરક્ત થાય છે અને નિજદેહમાં પણ અનુરાગ કરતો નથી, દેહથી ભિન્ન આત્મસ્વરૂપમાં સમ્યક્ પ્રકારે રત થાય છે તેને અશુચિ–અનુપ્રેક્ષા સાર્થક છે.

**અશુચિ જાણી દેહને, કરે આત્મઅનુરાગ;**
**તેને સાચી ભાવના, તે કહીએ મહાભાગ.**

**[ છઠ્ઠી અશુચિઅનુપ્રેક્ષા પૂર્ણ ]**

**અશુચીપણું વિપરીતતા એ આસ્રવોનાં જાણીને,**
**વળી જાણીને દુઃખકારણો એનાથી જીવ પાછો વળે.**

**-શ્રી કુંદકુંદસ્વામી.**

# 卐 ૭. આસ્રવ-અનુપ્રેક્ષા 卐

**આ અધિકારમાં સાત ગાથાદ્વારા એમ બતાવ્યું છે કે પુણ્ય કે પાપકર્મના આસ્રવના હેતુભૂત શુભ કે અશુભ બધા ભાવોથી ભિન્ન એવા આત્માના ઉપશમભાવમાં લીન થઈને મિથ્યાત્વ-કષાયાદિ ભાવોને છોડવા, -તે જ આસ્રવને રોકવાનો ઉપાય છે. -અને એમ કરવું તે જ આસ્રવઅનુપ્રેક્ષાનું ફળ છે.**

* * * * *

૮૮. જીવપ્રદેશોના કંપન–વિશેષરૂપ મન–વચન–કાયાના યોગ છે તે આસ્રવ છે; તે આસ્રવ મોહના ઉદયથી સહિત તેમજ રહિત–એમ બે પ્રકારનાં હોય છે.

૮૯. મોહના વિપાકને વશ જીવને જે પરિણામ થાય છે તેને આસ્રવ જાણો; –તે મિથ્યાત્વાદિ અનેક પ્રકારનાં છે (અહીં યોગ સિવાયના મિથ્યાત્વાદિ ભાવોને જ મુખ્ય આસ્રવ કહ્યા છે–એમ જાણવું; તે દશમાગુણસ્થાન સુધી હોય છે. પછીના આસ્રવો મોહ વગરનાં છે.)

૯૦. કર્મ પુણ્ય અને પાપ એવા બે પ્રકારનું છે, તેનું કારણ પણ શુભ અને અશુભ એમ બે પ્રકારનું છે; મંદકષાય તે શુભ છે, ને તીવ્રકષાય તે અશુભ છે.

૯૧. સર્વત્ર બધા પ્રત્યે પ્રિયવચન, દુર્વચન કહેનારા દુર્જન પ્રત્યે પણ ક્ષમા, તથા સર્વે જીવોનાં ગુણનું ગ્રહણ–એ મંદકષાયી જીવોનાં દ્રષ્ટાંત છે. (તે પુણ્યઆસ્રવનું કારણ છે.)

૯૨. પોતાની પ્રશંસા, પૂજ્ય પુરુષોનાં પણ દોષને જોવાની ટેવ, તથા કોઈ પ્રત્યે દીર્ઘકાળ સુધી વેરબુદ્ધિ રાખવી–એ તીવ્રકષાયી જીવોનાં ચિહ્ન છે. (તે પાપઆસ્રવનું કારણ છે.)

૯૩. એ પ્રમાણે આસ્રવનાં કારણોને જાણીને પણ, છોડવા યોગ્ય એવા મિથ્યાત્વાદિ કષાય પરિણામોને જે છોડતો નથી–તેનું સર્વે આસ્રવચિન્તન નિરર્થક છે.

૯૪. આસ્રવના કારણભૂત એવા આ મિથ્યાત્વાદિ મોહજનિત ભાવોને જે હેયરૂપ જાણે છે અને ઉપશમભાવમાં લીન થયો થકો તેને છોડે છે, તેની આસ્રવઅનુપ્રેક્ષા સફળ છે.

**આસ્રવ પાંચપ્રકારના; ચિંતવી તજે વિકાર;**
**તે પામે નિજરૂપને, તેને ભાવના સાર.**

**આસ્રવ જીવનિબદ્ધ અધ્રુવ શરણહીન અનિત્ય છે,**
**એ દુઃખ દુઃખફળ જાણીને એથી નિવર્તન જીવ કરે.**

–ભગવત્ કુંદકુંદ.

## 卐 ૮. સંવર-અનુપ્રેક્ષા 卐

**આ અધિકારની સાતગાથામાં કહે છે કે-સંવર તે મોક્ષના હેતુરૂપ ધર્મ છે અને તેની શરૂઆત સમ્યક્ત્વથી થાય છે. સમ્યક્ત્વસહિતના ઉત્તમ ચારિત્રથી વિશેષ સંવર થાય છે. સંવરના કારણરૂપ જે ભાવો છે તે બધા રાગ વગરનાં છે એમ સમજવું. જે રાગ છે તે તો આસ્રવનું કારણ છે. -આમ ઓળખીને વીતરાગભાવરૂપ સંવરને આદરવો.**

* * *

૯૫. સમ્યક્ત્વ, દેશવ્રત, મહાવ્રત, કષાયોનો વિજય, તેમજ યોગનો અભાવ–એ બધા સંવરનાં નામો છે.

૯૬. પાંચ ગુપ્તિ, પાંચ સમિતિ, દશ ધર્મ, બાર અનુપ્રેક્ષા તેમજ પરિસહજય તથા ઉત્કૃષ્ટ ચારિત્ર–એ વિશેષપણે સંવરના હેતુઓ છે.

૯૭. યોગોનો નિરોધ તે ગુપ્તિ છે; પ્રમાદનો ત્યાગ તે સમિતિ છે; દયાપ્રધાન ધર્મ છે, અને સમ્યક્ત્ત્વોનું ચિન્તન તે અનુપ્રેક્ષા છે.

૯૮. અત્યંત રૌદ્ર એવી ક્ષુધાદિક પીડાને શ્રમણ–મુનિઓ જે ઉપશમભાવથી સહન કરે છે તે જ પરીસહવિજય છે.

૯૯. રાગાદિ દોષોથી રહિત થઈને પોતાની આત્મસ્વરૂપ વસ્તુના સમ્યક્ધ્યાનમાં લીનતા થવી–તેને ઉત્તમ ચારિત્ર જાણો.

૧૦૦. આ પ્રમાણે સંવરના હેતુને વિચારવા છતાં તેને જે જીવ આચરતો નથી તે દુઃખથી સંતપ્ત થયો થકો દીર્ઘકાળ સુધી સંસારમાં ભ્રમણ કરે છે.

૧૦૧. અને જે જીવ વિષયોથી વિરક્ત થઈને, મનોહર વિષયોથી આત્માને સંવરરૂપ રાખે છે,–મનોહર વિષયોથી પણ આત્માને દૂર રાખે છે, –તેને પ્રગટપણે સંવર થાય છે.

ગુપ્તિ-સમિતિ-ધર્મ-ભાવના જયન-પરીષહકાર,
ચારિત્ર ધારે સંગ તજી, સો મુનિ સંવરધાર.

જે આત્મ ધ્યાતો, જ્ઞાનદર્શનમય, અનન્યમયી ખરે,
બસ અલ્પકાળે કર્મથી પ્રવિમુક્ત આત્માને વરે.
-કુંદકુંદાચાર્યદેવ.

## અત્યંત મધુર ચૈતન્યરસ

એક મોટો રાજા કોઈ મહાત્માના પગ ધોતાં ધોતાં વિચારતો હતો કે અહા, મારા જેવો રાજા પગ ધૂએ-તેથી આ મહાત્મા કેવા ખુશી થતા હશે? ત્યારે મહાત્મા કહે છે કે અરે રાજા! આ પગ ધોવાય એમાં તે શો આનંદ હતો? અમે જ્યારે શાસ્ત્રચર્ચાના ગૂઢ રહસ્યો ઉકેલવા મથતા હોઈએ, ને તેના રહસ્યનો ઉકેલ મળી જાય-તે વખતે અમને જે આનંદ થાય, તેની પાસે આ પગ ધોવાની શી ગણતરી છે?

તેમ ધર્માત્મા-મુનિઓ વગેરેની ઇન્દ્રો-રાજાઓ પ્રશંસા કરે, સેવા કરે, માન આપે, ત્યાં બાહ્યદ્રષ્ટિ જીવોને લાગે કે આનાથી તેમને કેવો આનંદ થતો હશે? ત્યારે જ્ઞાની ધર્માત્મા કહે છે કે અરે ભાઈ! રાગથી જુદા પડીને અમારો ઉપયોગ જ્યારે અંતરમાં જોડાય, તે વખતે નિર્વિકલ્પદશામાં આત્માના જે આનંદનું અમને વેદન થાય છે તેની પાસે જગત તો તરણાં જેવું લાગે છે. એની પાસે આ બહારનાં માન-પ્રશંસાની શી ગણતરી છે?

# 卐 વીતરાગ-વિજ્ઞાન-પ્રશ્નોત્તર 卐

**છહ્‌ઢાળાની ચોથી ઢાળ ઉપરનાં પ્રવચનોમાંથી આ સંકલન કરવામાં આવ્યું છે. પ્રશ્નોત્તરરૂપે તત્ત્વોનું સ્પષ્ટીકરણ વિશેષ રસદાયક અને સુગમ બને છે. વીતરાગ-વિજ્ઞાનના આ પ્રશ્નોત્તર દરેક જિજ્ઞાસુને ગમશે. (સં.)**

૧. છઢાળાના મંગલાચરણમાં કોને નમસ્કાર કર્યા છે?
વીતરાગ–વિજ્ઞાનને.

૨. પહેલી ઢાળમાં શું કહ્યું?
જીવ ચારગતિમાં કેવાં દુઃખ ભોગવે છે તે બતાવ્યું.

૩. બીજીઢાળમાં શું કહ્યું?
દુઃખનાં કારણરૂપ મિથ્યાત્વને છોડવાનો ઉપદેશ આપ્યો

૪. ત્રીજીઢાળમાં શું કહ્યું?
સમ્યક્ત્વનો મહિમા સમજાવીને તેની આરાધના કરવાનું કહ્યું.

૫. ચોથીઢાળમાં શેનો ઉપદેશ છે?
સમ્યગ્જ્ઞાનની આરાધના તથા દેશવ્રતનો ઉપદેશ છે.

૬. સમ્યગ્જ્ઞાન કેવું છે?
સ્વ–પરને પ્રકાશવા માટે સૂર્યસમાન છે.

૭. સમ્યગ્જ્ઞાન ક્યારે થાય છે ?
સમ્યગ્દર્શનની સાથે જ થાય છે.

૮. સમ્યક્ દર્શન–જ્ઞાન બંને સાથે થવા છતાં જ્ઞાનની જુદી આરાધના કરવાનું કેમ કહ્યું?
કેમકે હજી કેવળજ્ઞાનને સાધવાનું બાકી છે–તેથી.

૯. દર્શનની આરાધના ક્યારે પૂરી થાય?
ક્ષાયિકસમ્યક્ત્વ થાય ત્યારે.

૧૦. જ્ઞાનની આરાધના ક્યારે પૂરી થાય?
કેવળજ્ઞાન થાય ત્યારે.

૧૧. ચોથાગુણસ્થાને ક્ષાયિકસમ્યક્ત્વ થયા પછી ઉપરના ગુણસ્થાને તેની શુદ્ધતા વધે?
ના; ક્ષાયિકભાવમાં વૃદ્ધિ કે હાનિ હોતી નથી.

૧૨. મોક્ષમાર્ગમાં સાચું જ્ઞાન કોને કહેવામાં આવે છે?

જે સ્વ-પરને જાણે ને મોક્ષને સાધે તેને.

૧૩. સમ્યગ્દર્શન દ્રવ્ય-ગુણ-પર્યાયમાં ભેદ પાડે છે?
ના; તે એક અભેદ આત્માને જ સ્વીકારે છે.

૧૪. દુનિયામાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કયાં છે?
એકમાત્ર સર્વજ્ઞ વીતરાગ જિનદેવના માર્ગમાં જ છે.

૧૫. જિનમાર્ગ સિવાય બીજા કોઈ માર્ગમાં મોક્ષમાર્ગ હોય છે?
ના.

૧૬. અનેકાંતમય મૂર્તિ સદા પ્રકાશમાન રહો-એમ ક્યાં કહ્યું છે?
સમયસારના બીજા કળશમાં.

૧૭. પદાર્થના ધર્મ કયા છે?
વસ્તુનાં ગુણ-પર્યાયો તે જ તેનાં ધર્મો છે.

૧૮. આત્મવસ્તુમાં શેનું સામર્થ્ય છે?
કેવળજ્ઞાન અને સિદ્ધપદનું.

૧૯. મોક્ષને પામવા માટે કોનું સેવન કરવું?
સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનું.

૨૦. શુભરાગને કે પુણ્યને સેવવાનું કાં ન કહ્યું?
કેમકે તે મોક્ષનું કારણ નથી.

૨૧. એક વસ્તુનો કોઈ ધર્મ બીજી વસ્તુને લીધે હોય ખરો?
ના, વસ્તુના ધર્મો પરની અપેક્ષા રાખતા નથી.

૨૨. એક વસ્તુનો ધર્મ બીજી વસ્તુમાં જાય ખરો?
ના; વસ્તુના ધર્મો વસ્તુમાં જ તન્મય રહે છે.

૨૩. ચારિત્ર વગર મોક્ષ હોય?
.... ના.

૨૪. સમ્યગ્દર્શન-જ્ઞાન વગર ચારિત્ર હોય?
ના.

૨૫. સમ્યગ્જ્ઞાન કયારે થાય?
સમ્યગ્દર્શનની સાથે જ.

૨૬. સમ્યક્શ્રદ્ધા અને સમ્યગ્જ્ઞાનની આરાધનામાં શું વિશેષતા છે?
બંને આરાધના એકસાથે શરૂ થાય છે, પણ બંનેની પૂર્ણતા એકસાથે થતી નથી, ક્રમ પડે છે.

૨૮. રાગને કોણ જાણે છે?
રાગથી જુદું એવું જ્ઞાન જ રાગને જાણે છે.

૨૯. જ્ઞાન અને રાગ કેવા છે?
બંનેનો સ્વભાવ તદ્દન જુદો છે. રાગમાં ચેતકપણું નથી; જ્ઞાન તો સ્વ-પરનું ચેતક છે.

૩૦. રાગને જાણતાં જ્ઞાન તેમાં તન્મય થાય છે?
ના; રાગને જાણનારું જ્ઞાન તેનાથી જુદું જ રહે છે.



૩૨. રાગ કેવો છે?
રાગ ખરેખર સ્વતત્ત્વ નથી,

૪૨. સંસારની ચારગતિની રખડપટ્ટીથી થાક્યો હોય તેણે શું કરવું?

મંગળરૂપ નથી.

૩૩. વીતરાગ–વિજ્ઞાન કેવું છે?
તે સ્વતત્ત્વ છે, મંગળરૂપ છે, જગતમાં સારરૂપ છે.

૩૪. મિથ્યાત્વસહિતનું શુભઆચરણ હોય તો તે કેવું છે?
તે મિથ્યાઆચરણ છે, સંસારનું કારણ છે.

૩૫. તે શુભરાગથી જીવને સુખ તો મળે ને?
ના; રાગથી કિંચિત પણ સુખ મળે નહિ, દુઃખ મળે.

૩૬. મોક્ષનું પહેલું પગથિયું કયું છે?
સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન.

૩૭. તેને કયારે ધારણ કરવા?
શીઘ્ર, અત્યારે હમણાં જ!

૩૮. જીવ અનાદિથી શું કરી રહ્યો છે?
અજ્ઞાનથી સંસારદુઃખ જ ભોગવી રહ્યો છે.

૩૯. તે કદી સ્વર્ગમાં ગયો હશે?
હા, અનંતવાર ગયો છે.

૪૦. સ્વર્ગમાંય તે સુખી કેમ ન થયો?
ત્યાં પણ તેણે સમ્યગ્દર્શન ન કર્યું તેથી.

૪૧. જીવને માટે અપૂર્વ શું છે?
સમ્યગ્દર્શનની પ્રાપ્તિ.

સમ્યગ્દર્શન ને આત્મજ્ઞાન.

૪૩. મોક્ષસુખને ચાહતો હોય તેણે શું કરવું?
સમ્યગ્દર્શન ને આત્મજ્ઞાન.

૪૪. સમ્યગ્દર્શન ને જ્ઞાનની પ્રાપ્તિ ક્યાંથી થાય?
પોતામાંથી થાય છે, બીજા પાસેથી થતી નથી.

૪૫. દેવ–ગુરુ–શાસ્ત્ર શું કહે છે?
'તું અમારી સામે ન જો; તારી સામે જો.'

૪૬. સમ્યગ્દર્શનની સાથે શું હોય છે?
અનંતાનુબંધીના અભાવરૂપ ચારિત્રનો અંશ હોય છે.

૪૭. જીવને સમ્યગ્દર્શન થતાં શું થયું?
તે મોક્ષના માર્ગમાં ચાલવા માંડયો.

૪૮. સમ્યગ્દર્શન સાથે મુનિદશા હોય –એવો નિયમ છે?
ના: ભજનીય છે. હોય કે ન પણ હોય.

૪૯. મુનિદશામાં સમ્યગ્દર્શન હોય – એવો નિયમ છે?
હા; સમ્યગ્દર્શન વગર મુનિપદ હોય નહિ.

૫૦. જ્ઞાની પુણ્ય કરીને સ્વર્ગે જાય તો તે સુખી છે?



આપે સુગમ પ્રશ્નોત્તર વાંચ્યા...વીતરાગવિજ્ઞાન–પ્રેરક આ પ્રશ્નોત્તર જે પુસ્તકમાંથી લીધા છે તે પુસ્તક આપને ભેટ મળવાનું છે.–

# वीतराग विज्ञान




## ‘હે ભવ્ય ! તારા કલ્યાણને માટે આ હિતોપદેશ તું સાંભળ !’

આત્મધર્મના નવા વર્ષના ગ્રાહકોને ‘વીતરાગ–વિજ્ઞાન’ છહઢાળા પ્રવચનો ભાગ ચોથો ભેટ આપવામાં આવશે. સમ્યગ્જ્ઞાનની આરાધનાનું ઘણું જ પ્રેરણાદાયી વર્ણન આ પુસ્તકમાં છે; ઉપરાંત શ્રાવકનાં અહિંસાદિ વ્રતોનું પણ વર્ણન છે. પુસ્તક થોડા વખતમાં તૈયાર થશે. પુસ્તક ભેટ મેળવવા દિવાળી પહેલાં આપનું લવાજમ છ રૂપિયા મોકલી આપશો.

આત્મધર્મના સૂજ્ઞ જિજ્ઞાસુ પાઠકો હંમેશાં સહકાર આપતા આવ્યા છે, તે પ્રમાણે વહેલાસર લવાજમ મોકલીને વ્યવસ્થામાં સહકાર આપશે. –એવી આશા છે.

નીચેનાં પુસ્તકો પુનઃ તૈયાર થયા છેઃ દિવાળી પહેલાં મંગાવો ને બાળકોમાં ખૂબ પ્રભાવના કરો–

| | |
|---|---|
| મહારાણી ચેલણા : ૦–૫૦ | અકલંક–નિકલંક : ૦–૭૫ |
| ભગવાન મહાવીર : ૦–૧૫ | આરાધના ( દશધર્મ ): ૦–૨૦ |

દીવાળીપ્રસંગે લાણી કરવા માટે “ભગવાન મહાવીર” પુસ્તિકા મંગાવો. માત્ર પંદર રૂપિયામાં સો પુસ્તકો મંગાવો.

# ❁ વીરપુત્રો જાગો. . . . ❁

ઓ બહાદૂર જૈનયુવાનો જાગો! વહાલા વીરપુત્રો, તમે જાગો! તમારા આત્માને ઓળખીને વીરમાર્ગમાં પ્રવેશ કરો....મોક્ષમાર્ગના દરવાજા ખોલી નાખો ને પ્રભુના માર્ગે આગળ વધો.

અહા, આપણા મહાવીર ભગવાનના મોક્ષના ૨૫૦૦ વર્ષનો એક મહાન ઉત્સવ આપણે ઊજવી રહ્યા છીએ. આવો સુંદર જૈનધર્મ, અને આવો મજાનો અવસર–તેમાં જો તમારા જેવા શૂરવીર યુવાનો એમ કહેશો કે ‘અમને આત્મા ન ઓળખાય’ –અરે, તો પછી જગતમાં આત્માને ઓળખશે કોણ? ઓ જવાંમર્દ જવાનો! ઓ બહાદૂર વીરાંગનાઓ! જગતમાં અજોડ એવા વીરના માર્ગને પામીને તમારે જ આત્માને ઓળખવાનો છે...ને આત્માને ભવદુઃખથી છોડાવવાનો છે. હે વીરના સુપુત્રો! આ મંગલ મહોત્સવમાં વીરનાથને શ્રદ્ધાંજલિ ચડાવતાં દ્રઢ નિશ્ચય કરજો કે હે વીરનાથ વહાલાદેવ! અમે તમારા સંતાન કાંઈ નમાલા કે પામર નથી, અમે તો વીર–સંતાન છીએ...વીરતાપૂર્વક અમેય આત્માને ઓળખીને તમારા માર્ગમાં આવી રહ્યા છીએ, ને સમસ્ત જૈનયુવાનો આ જ માર્ગમાં આવશે...અમારા માટે આપના સિવાય બીજો કોઇ માર્ગ નથી. પ્રભો અમારા જેવા વીરપુત્રો જ આત્મસાધના વડે આપના માર્ગને ભરતક્ષેત્રમાં હજી અઢાર હજાર ને પાંચસો (૧૮,૫૦૦) વર્ષ સુખી અખંડ ધારાએ ટકાવીશું. આપ મોક્ષ પધાર્યા પછી આજે અઢીહજારવર્ષેય આપનું શાસન જીવંત છે, તો અમારા જેવા વીરપુત્રો સિવાય બીજું કોણ છે કે જે આ માર્ગમાં ચાલશે! પ્રભો! અમે જ આપના વારસ છીએ, ને અમે આપના માર્ગમાં આત્મસાધના કરશું એ અમારી પ્રતિજ્ઞા છે.

**‘અમે તો જિનવરના સંતાન.... જિનવરપંથે વિચરશું’**

*** જય મહાવીર ***

# આત્મહિત માટેની પ્રેરણા
## [ સુખી થવું હોય તો ‘આપો લખ લીજે’ ]

અહા, જગતની વચ્ચે નિરાલંબી લોક, તેના અસંખ્ય પ્રદેશમાં અનંતાનંત આત્માઓ, તેમાં પ્રત્યેક આત્મા જુદો–સ્વતંત્ર–સ્વાધીન, પોતાના અનંત ગુણ–પર્યાયો સહિત; –આવું અલૌકિક વસ્તુસ્વરૂપ ભગવાન સર્વજ્ઞના માર્ગ સિવાય બીજે ક્યાંય ન હોય. આત્મા કદી શરીરાદિરૂપ કે કર્મરૂપ થતો નથી. જડ સદા જડમાં, ચેતન સદા ચેતનમાં; બંનેના દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવરૂપ ચતુષ્ટય ત્રણેકાળે જુદા છે. આ સ્વ–પરવસ્તુની ભિન્નતાના નિર્ણય વગર જ્ઞાનની વિપરીતતા મટે નહીં, એટલે સમ્યગ્જ્ઞાન થાય નહીં ને જન્મ–મરણ મટે નહીં. આત્મામેં સંશય હોગા તો સમ્યગ્જ્ઞાન નહીં હોગા; અને આત્મા કે સ્વરૂપકા યથાર્થ નિર્ણય હોગા તો સમ્યગ્જ્ઞાન હોગા–હોગા–હોગા. સમ્યગ્જ્ઞાન નહીં કરેગા તો મોક્ષ કભી નહીં હોગા; અને સમ્યગ્જ્ઞાન કરેગા તો મોક્ષ હોગા હી હોગા. –માટે ‘आपो लख लीजे’ આત્માને ઓળખી લેજો.

ભગવાને કહેલાં નવ તત્ત્વોને ઓળખીને તેના અભ્યાસવડે આત્માના સાચા સ્વરૂપને ઓળખી લેવું. જુઓ, ભગવાને કહેલાં તત્ત્વના અભ્યાસનું ફળ શું? –કે ‘आपो लख लीजीये’ અંતર્મુખ થઈને આત્માનું સ્વરૂપ અનુભવમાં લેવું. તત્ત્વના અભ્યાસનું ફળ તો આત્માનો અનુભવ કરવો તે છે. ચૈતન્યમૂર્તિ હું, શરીરાદિ અજીવથી જુદો ને રાગાદિ આસ્રવોથી જુદો છું; મારું ચૈતન્યતત્ત્વ બીજા બધા તત્ત્વોથી જુદું છે, હું જ આનંદમૂર્તિ છું. –આ રીતે જ્ઞાનાદિ અનંતગુણના ચૈતન્યપિંડમાં વળીને ‘આ હું છું’ –એમ અનુભવમાં લેતાં સમ્યગ્જ્ઞાન થાય છે. અહા, આવા આત્માના જ્ઞાનમાં અલૌકિક સુખ છે. માટે કહે છે કે ‘આપો લખ લીજે.’ આત્માના જ્ઞાન વગર જૈનતત્ત્વનું સાચું જ્ઞાન થાય નહીં. ભગવાને આત્માનું શુદ્ધસ્વરૂપ પરથી ભિન્ન ને રાગથી પાર ઉપયોગમય બતાવ્યું છે, તેની સન્મુખતા એ જ ધર્મનો મૂળ પાયો છે. ભાઈ! તારી મહાન ચીજ તારામાં પડી છે, તેમાં નજર કર, આત્માની સન્મુખતા વગર બાહ્યદ્રષ્ટિથી જીવ ગમે તેટલું કરે તેનાથી સ્વર્ગ–નરકાદિ મળે, પણ આત્માનું સુખ ન મળે.

જીવાદિ નવે તત્ત્વોને બરાબર ઓળખવા, તેને માટે સત્સંગ, જિનવાણીનો અભ્યાસ કરવો. જિનવાણી શું કહે છે? –તે એમ કહે છે કે હે જીવ! તારા આત્માની સન્મુખ થા! ભૂતાર્થરૂપ તારો જે શુદ્ધસ્વભાવ તેનો તું આશ્રય કર. –એ જ સાચું તત્ત્વાર્થશ્રદ્ધાનરૂપ સમ્યગ્દર્શન છે. અજીવને પોતાથી ભિન્ન જાણે તો અજીવની શ્રદ્ધા કરી કહેવાય; પુણ્ય–પાપ–આસ્રવ–બંધને દુઃખરૂપ જાણીને તેનો આશ્રય છોડે તો પુણ્ય–પાપ –આસ્રવ–બંધતત્ત્વની શ્રદ્ધા કરી કહેવાય; શુદ્ધજીવ તરફ વળીને સંવર–નિર્જરા પ્રગટ કરે ત્યારે સંવર–નિર્જરા–મોક્ષની શ્રદ્ધા કરી કહેવાય. આ રીતે શુદ્ધાત્માની સન્મુખતા વડે જ નવ તત્ત્વની સાચી શ્રદ્ધા થાય છે. તત્ત્વાર્થશ્રદ્ધાનનું કાર્ય તો આ છે કે ભેદજ્ઞાનવડે શુદ્ધઆત્માનો આશ્રય કરીને પરનો–વિકારનો આશ્રય છોડવો. આનંદરસનો સમુદ્ર આત્મા આવડો મહાન છે. –એમ જાણે ને તેમાં ઉપયોગ ન વળે એમ કેમ બને? અહા, વીતરાગે કહેલો આત્મા, પોતાની જ વસ્તુ, તેને ન જાણે તો આ અનંતભવસમુદ્રમાં આ મનુષ્યભવ તો ક્યાં ડૂબી જશે? અનંતકાળથી આત્મા એક ભવમાંથી બીજા ભવમાં જાય છે; આત્માને ઓળખીને મોક્ષ પામે ત્યારે જ ભવભ્રમણ અટકે; પછી મોક્ષમાં સિદ્ધભગવાનપણે અનંત–અનંત કાળ રહે. બાપુ! આવું આર્ય–મનુષ્યપણું, શ્રાવકનું ઉત્તમ કુળ અને વીતરાગી જિનવાણીનું શ્રવણ તને મહાભાગ્યે મળ્યું છે, આવો સુયોગ તે તો ચિંતામણિ મળવા જેવું છે, તો તેને તું વ્યર્થ ગુમાવીશ નહીં.

બાપુ, અત્યારે અનંતકાળના દુઃખથી છૂટીને સુખની પ્રાપ્તિનો અવસર, તેમાં તું સુખના કારણરૂપ સમ્યગ્જ્ઞાન કરી લે. અહીં 'સુયોગ' તરીકે આત્મહિતમાં નિમિત્તરૂપ ત્રણ વાત લીધી; લાખો–કરોડો રૂપિયા મળે, બંગલા–મોટર મળે કે સુંદર શરીરાદિ મળે –તેને અહીં સુયોગ ન કહ્યો, પણ આર્ય–મનુષ્યપણું, શ્રાવકનું ઉત્તમ કુળ અને વીતરાગવાણીનું શ્રવણ મળ્યું તેને સુયોગ કહ્યો. આત્માની ઓળખાણમાં નિમિત્તરૂપ થાય એવા યોગને સુયોગ કહ્યો. તે માટે કાંઈ પૈસા કે શરીરની સુંદરતા વગેરેની જરૂર નથી. ભલે ગરીબ હોય, કદરૂપ હોય, પણ વીતરાગવાણીવડે જૈનધર્મના સંસ્કારથી આત્મહિત કરી શકે છે. જુઓને, અમેરિકા વગેરે દેશોમાં, ને અહીં ભારતમાં પણ ઘણા જીવો પાસે અત્યારે લાખો–કરોડો રૂપિયા દેખાય છે, પણ સાચા જૈનધર્મનું શ્રવણ–કે જેનાથી આત્માનું હિત થાય–તે મળવું બહુ દુર્લભ છે. તેવો અવસર તને મળ્યો, તો લાખો–કરોડો રૂપિયાના યોગ કરતાં પણ વધુ સુયોગ છે. –એમ સમજ. આવો સુયોગ પામીને હવે તું સંસારની ઝંઝટમાં લોકોને રાજી કરવા રોકાઈશ મા, પણ શીઘ્ર આત્માને ઓળખીને તારું હિત કરી લેજે. અમેરિકા વગેરેમાં બહારનો વૈભવ ગમે તેટલો હોય (અરે, સ્વર્ગના વૈભવની તો

શી વાત!) –પણ આત્માના જ્ઞાન વગર એમાં ક્યાંય સુખનો છાંટોય મળે તેમ નથી; અધ્યાત્મવિદ્યા કે જે ભારતનો ખરો વૈભવ છે, તે જ સુખનું કારણ છે. માટે તેનો અભ્યાસ કરીને આત્માને ઓળખો.

અહા, જે વાણી ગણધરદેવ આદરથી સાંભળે છે, જે વાણી સાંભળવા સ્વર્ગના ઈન્દ્રો આ મનુષ્યલોકમાં ઊતરે છે. ચક્રવર્તી પણ ભક્તિથી જે વાણી સાંભળે છે, તે આત્માનું અદ્ભુત સ્વરૂપ બતાવનારી જિનવાણી તને અત્યારે અહીં સાંભળવા મળે છે; આત્માનું અચિંત્યસ્વરૂપ બતાવનારી આવી વાણી સાંભળવા મળી તો તેને ચિંતવીને, વસ્તુસ્વરૂપ સમજીને ચૈતન્યરત્નનું સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન કરી લે. આવો મહાન સુયોગ મળ્યો છે તે આત્મજ્ઞાન વડે સફળ કર. જો તત્ત્વદ્રષ્ટિ ન કરી, ને જીવન અજ્ઞાનમાં તથા વિષયોમાં ગુમાવી દીધું તો, હાથમાં આવેલ મનુષ્યભવરૂપી ઉત્તમ રત્ન ખોઈ તું પસ્તાઈશ. બાપુ! ધન–કુટુંબ–શરીર–આબરૂ બધાની દરકાર છોડીને જીવનમાં આત્માની દરકાર કર, આત્માનું સમ્યક્દર્શન ને સમ્યગ્જ્ઞાન કેમ થાય તેના પ્રયત્નમાં લાગ.

જેમ એક લીલુંછમ ઝાડ હોય, ને બળીને રાખ થાય, તે રાખને કોઈ દરિયામાં ફેંકી દે, અથવા હવામાં ચારેકોર વેરવિખેર થઈ જાય; ફરીને પાછા તે બધા રજકણો ભેગા થાય ને ફરીને તેવું જ ઝાડ બને–એ અનંતકાળે મુશ્કેલ છે; તેમ સંસારમાં કલ્પવૃક્ષ જેવું મનુષ્યપણું પામીને જો આત્માની દરકાર ન કરી ને અજ્ઞાનથી વિષયોમાં જ તે ગુમાવી દીધું તો ભવસમુદ્રમાં આત્મા એવો ડૂબી જશે કે ફરી અનંતકાળે આવું મનુષ્યપણું મળવું મુશ્કેલ છે. ત્રસપણાનો કાળ જ થોડો (બે હજાર સાગરોપમ માત્ર) છે –એમાં તો કીડી–મકોડા વગેરે અસંજ્ઞીઅવતાર પણ આવી જાય, તેમાં મનુષ્યઅવતાર તો બહુ થોડા હોય. ત્રસના તે મર્યાદિત કાળમાં મનુષ્ય થઈને કાં તો આત્માને સાધીને મોક્ષ પામી જાય; અને નહિતર ત્રસપર્યાયનો કાળ પૂરો થતાં નિગોદાદિ એકેન્દ્રિય સ્થાવરપર્યાયમાં ચાલ્યો જાય. ત્યાંથી અનંતકાળે બહાર નીકળવું મુશ્કેલ છે. માટે હે જીવ! તું શીઘ્ર ચેત...ચેત!

## જરૂરી સ્પષ્ટતા

આત્મધર્મના અષાઢ માસના અંકમાં ધ્યાન વગેરે સંબંધી પ્રશ્નોના જે ઉત્તર છપાયા છે તે ઉત્તર સંપાદકે પોતાના તરફથી લખેલા છે. તે સંબંધી પૂ. ગુરુદેવનો જે આશય છે તે મુ. શ્રી રામજીભાઇ એ લખી આપેલ છે–જે આપ પાછળ વાંચશો.

## આત્મધર્મ અંક ૩૮૧, પાનું–૪૪માં છેલ્લા બે પ્રશ્નો છે તે સંબંધી સુધારો:—

પ્રશ્ન:— પર્યાય વગરના એકાંતધ્રુવનું ધ્યાન થઈ શકે?

ઉત્તર:—(૧) ધ્યાન પર્યાય છે અને તે ધ્યાન ત્રિકાળ આત્મા—ધ્રુવ આત્મા જે કારણ-પરમાત્મા કહેવાય છે તે ધ્યાનનો વિષય હોય તો નિર્વિકલ્પતા પ્રગટે છે માટે વર્તમાન પર્યાય ત્રિકાળ ધ્રુવનું ધ્યાન કરે તેથી તેનો વિષય જે ધ્રુવ છે તે એકાંતધ્રુવ થઈ જતો નથી.

(૨) ઉત્પાદ અને વ્યય પર્યાયરૂપે સત્ છે તેથી એક સમયના તે હોય છે, અને ધ્રુવ ત્રિકાળ એકરૂપ રહે છે. માટે પર્યાય ધ્રુવનું ધ્યાન ધરે તેમાં તે ધ્રુવ એકાંત થઈ જતું નથી, પરંતુ તેવું ધ્યાન કરતાં નિર્વિકલ્પતા ઉત્પન્ન થાય છે ત્યાં ધ્યાન-ધ્યાતા-ધ્યેયનો ભેદ જે રાગરૂપ છે તે રહેતો નથી, તેને સાચું ધ્યાન કહેવામાં આવે છે. નિર્વિકલ્પ ધ્યાન સીવાયનું જે ધ્યાન હોય છે તે રાગવાળું હોવાથી તે ખરું ધ્યાન નથી, પણ આર્ત અથવા રૌદ્ર ધ્યાન હોય છે.

પ્રશ્ન:—દ્રવ્ય-ગુણ-પર્યાય વચ્ચે કોઈ પ્રકારે પ્રદેશભેદ છે?

ઉત્તર:—તેમના પ્રદેશો એક જ છે પણ તેમાં પ્રદેશના અંશોરૂપી ભેદ પાડી શકાય છે. પર્યાયના પ્રદેશ-અંશ એક સમયનો ઉત્પાદ ને વ્યયરૂપનો છે, ને દ્રવ્યના પ્રદેશ ધ્રુવરૂપ છે તેવો ભેદ થઈ શકે છે. જો એવો ભેદ કરવામાં ન આવે તો દ્રવ્યને પર્યાય અથવા ગુણને પર્યાય વચ્ચેનું જે સ્વરૂપ ભેદપણું છે તેનો નાશ થઈ જાય છે.

દ્રવ્ય-ગુણ ને પર્યાય વચ્ચે પ્રદેશભેદ હોતો નથી એમ જે શાસ્ત્રમાં કહેવામાં આવે છે તેનો અર્થ એવો છે કે—તે બીજા દ્રવ્યોના પ્રદેશોથી તેના પ્રદેશો જુદા પાડવા હોય ત્યારે તેઓના પ્રદેશો એકરૂપ જ છે એમ કહેવામાં આવે છે.

[ઉપર મુજબની સ્પષ્ટતા પૂ. ગુરુદેવની આજ્ઞાઅનુસાર મુ. શ્રી રામજીભાઈએ લખી આપેલ છે, ને પૂ. ગુરુદેવશ્રી પાસે વંચાવીને છાપવામાં આવી છે. —સં.]

# વીર નિર્વાણમહોત્સવમાં વીર બાળકોનો ઉત્સાહ

**અઢીહજારવર્ષીય વીર નિર્વાણમહોત્સવમાં વીર બાળકો તરફથી જે અઢીહજાર પૈસા ( પચ્ચીસ રૂપિયા ) બાલવિભાગમાં આવેલ છે તેની યાદી–**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૬૩૦ | રવીચંદ ઉગરચંદ શેઠ | અમદાવાદ | ૬૫૪ | મધુકાંતા હરેશકુમાર | મુંબઈ |
| ૬૩૧ | હેમંતકુમાર વસંતલાલ ગાંધી | મુલુન્દ | ૬૫૫ | સંજય ભગવાનદાસ કામદાર | હૈદ્રાબાદ |
| ૬૩૨ | હિતેશકુમાર વસંતરાય જૈન | વાંકાનેર | ૬૫૬ | તારાબેન ન્યાલચંદ જોબાલીયા | જીનીવા |
| ૬૩૩ | રાજેશકુમાર નટવરલાલ શાહ | જલગાંવ | ૬૫૭ | વસંતરાયખીમચંદ જોબાલીયા | સોનગઢ |
| ૬૩૪ | સુલોચનાબેન નાગરદાસ ગાંધી | ભાવનગર | ૬૫૮ | દક્ષાબેન કાંતીલાલ શેઠ | સુરેન્દ્રનગર |
| ૬૩૫ | સ્વ. મનસુખલાલ છોટાલાલ | સોનગઢ | ૬૫૯ | અતુલ–સોનલ હસમુખલાલ શેઠ | સુરેન્દ્રનગર |
| ૬૩૬ | દેવેશકુમાર પ્રવિણચંદ્ર જૈન | સોનગઢ | ૬૬૦ | બકુલકુમાર હસમુખલાલ | પાલેજ |
| ૬૩૭ | સુમતિચંદ નેમચંદ જૈન | ઉદેપુર | ૬૬૧ | વીરાજકુમાર નટવરલાલ | પાલેજ |
| ૬૩૮ | હીરાલાલ કેવલચંદ જૈન | આનંદપુર | ૬૬૨ | મનીષકુમાર પ્રવિણચંદ્ર | પાલેજ |
| ૬૩૯ | કાન્તાબેન દવે | સોનગઢ | ૬૬૩ | અલકેશ હસમુખરાય મોદી | દાદર |
| ૬૪૦ | શીવલાલ રેવાશંકર જૈન | સોનગઢ | ૬૬૪ | અર્ચના બી. લાખાણી | રાજકોટ |
| ૬૪૧ | જયંતિલાલ હીરાચંદ કામદાર | સોનગઢ | ૬૬૫ | પ્રશાંતકુમાર રવિન્દ્ર મહેતા | મોરબી |
| ૬૪૨ | ચેતન ચંદ્રકાંત શાહ | મુંબઈ | ૬૬૬ | શાંતિદેવી જૈન | દિલ્હી |
| ૬૪૩ | ચંદ્રકાંત ઉજમશી શાહ | મુંબઈ | ૬૬૭ | નિલમ જૈન | દિલ્હી |
| ૬૪૪ | સુરુચિબેન ચંદ્રકાંત શાહ | પાર્લા | ૬૬૮ | વિકાસ જૈન | દિલ્હી |
| ૬૪૫ | હિંમતલાલ છોટાલાલ જોબાલીયા | સોનગઢ | ૬૬૯ | અરૂણ જૈન | દિલ્હી |
| ૬૪૬ | વસંતલાલ પ્રભુદાસ જૈન | મુંબઈ | ૬૭૦ | ફુલવતી જૈન | દિલ્હી |
| ૬૪૭ | કુંદનલાલ વસંતલાલ જૈન | મુંબઈ | ૬૭૧ | મુકેશકુમાર કપૂરચંદ જૈન | કરેલી |
| ૬૪૮ | દિપેનભાઈ વસંતલાલ જૈન | મુંબઈ | ૬૭૨ | મનોજકુમાર કપૂરચંદ જૈન | કરેલી |
| ૬૪૯ | લીલાબેન વસંતલાલ જૈન | મુંબઈ | ૬૭૩ | જયંતિલાલ એચ. કામદાર | સોનગઢ |
| ૬૫૦ | સૌ.સુભદ્રાબેન ડાહ્યાલાલ જૈન | અમદાવાદ | ૬૭૪ | સિદ્ધાર્થ આનંદીલાલ શાહ | જલગાંવ |
| ૬૫૧ | બેનકુંવરબેન જયંતિલાલ ભણસાલી | સિહોર | ૬૭૫ | દિલીપ આનંદીલાલ શાહ | જલગાંવ |
| ૬૫૨ | પ્રેમલતાબેન જૈન | દિલ્હી | ૬૭૬ | મીનાબેન આનંદીલાલ શાહ | ” |
| ૬૫૩ | જયશ્રીબેન પ્રાણલાલ જૈન | લીંબડી | ૬૭૭ | દુષ્યન્ત આનંદીલાલ શાહ | ” |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૬૭૮ | કૌશીકકુમાર નટવરલાલ શાહ | જલગાંવ | ૬૮૩ | જ્ઞપ્તીબેન દીનેશચંદ્ર શાહ | જલગાંવ |
| ૬૭૯ | ચેતનાબેન નટવરલાલ શાહ | ” | ૬૮૪ | ક્ષમાકુમારી દીનેશચંદ્ર શાહ | ” |
| ૬૮૦ | સોનલબેન નટવરલાલ શાહ | ” | ૬૮૫ | ઝીણીબેન પ્રાણજીવન | પોરબંદર |
| ૬૮૧ | રાજેશકુમાર નટવરલાલ શાહ | ” | | | |
| ૬૮૨ | દર્શનાબેન દીનેશચંદ્ર શાહ | ” | | | |

**[ તા. ૧૨-૯-૭૫ સુધી ]**

## * આત્મધર્મ-પ્રચાર તથા બાલવિભાગ ખાતે આવેલ રકમોની યાદી *

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૧૧ | કસુંબાબેન વોરા | કલકત્તા | ૧૦૧ | સુરેશ એન. ભાયાણી | કાંદીવલી |
| ૫૧ | કાંતાબેન વોરા | ” | ૨૧ | પ્રભાબેન તથા ઇન્દીરાબેન | જમદેશપુર |
| ૫૧ | જ્યોત્સનાબેન C/o સુરેશ એન. ભાયાણી | કાંદિવલી | ૨૧ | પ્રવીણચંદ્ર જયંતિલાલ ભણસાલી | સિહોર |
| ૫૧ | માનવંતીબેન હિંમતલાલ જૈન | મુંબઈ | ૪૦૧ | સુમેરચંદ નેમીચંદસા જૈન | મલકાપુર |
| ૫૧ | રજનીકાંત છોટાલાલ શાહ | મુંબઈ | ૫૧ | હીરાબેન સોમચંદ શાહ | તલોદ |
| ૨૧ | મરઘાબેન મણીલાલ શાહ | સોનગઢ | ૩૩ | મુકુંદ ચેતનાબેન પંકજભાઈ જૈન | જામનગર |
| ૨૧ | શાંતાબેન વૃજલાલ જૈન | અમદાવાદ | ૪૦૧ | વાસંતીબેન ગુણવંતરાય ભાયાણી | મુંબઈ |
| ૫૦ | ફૂલચંદ ચતુરભાઈ શાહ | સુરેન્દ્રનગર | ૨૧ | કનૈયાલાલ રતિલાલ | મીંયાગામ |
| ૫૧ | જેકુંવરબેન ( મયાચંદ એન્ડ સન્સ ) | કલકત્તા | ૨૧ | મનહરલાલ ધીરજલાલ | સુરત |
| ૫૧ | મનસુખલાલ છોટાલાલ જોબાલીયા | સોનગઢ | ૩૧ | ગુજરાતીભાઈઓ તરફથી. | સાબરકાંઠા જિલ્લાવાળા |
| ૧૧ | કાન્તાબેન દવે | સોનગઢ | ૪૬ | બાબુલાલ ત્રિભોવનદાસ | મુંબઈ |
| ૫૧ | ચુનિલાલ હઠીસંગ શેઠ | મુંબઈ | ૨૧ | છબલબેન ભાયચંદ ગાંધી | સોનગઢ |
| ૧૧ | સંવર અમીચંદ માલદે | – | ૪૫૨ | ચંદુલાલ વીકમસી સંઘવી | રાજકોટ |
| ૧૧ | નિર્જરા નિકેતન ભાયાણી | – | ૧૦૧ | ગીરીશકુમાર જગજીવનદાસ | દિલ્હી |
| ૨૩૬ | કિશોરચંદ પ્રેમચંદ શાહ | નાઇરોબી | ૨૦૧ | ચંદુલાલ મગનલાલ શાહ | કાંદિવલી |
| ૨૩૬ | સુશીલાબેન કિશોરચંદ શાહ | નાઇરોબી | | | |
| ૨૩૬ | સુશીલાબેન પંકજ શાહ | ” | | | |

**[ તા. ૧૨-૯-૭૫ સુધી ]**

# સાધક જીવની દૃષ્ટિ

અધ્યાત્મમાં હંમેશાં નિશ્ચયનય જ મુખ્ય છે; તેના જ આશ્રયે ધર્મ થાય છે. શાસ્ત્રોમાં જ્યાં વિકારી પર્યાયોનું વ્યવહારનયથી કથન કરવામાં આવે ત્યાં પણ નિશ્ચયનયને જ મુખ્ય અને વ્યવહારનયને ગૌણ કરવાનો આશય છે-એમ સમજવું; કારણ કે પુરુષાર્થ વડે પોતામાં શુદ્ધ પર્યાય પ્રગટ કરવા અર્થાત્ વિકારી પર્યાય ટાળવા માટે હંમેશાં નિશ્ચયનય જ આદરણીય છે; તે વખતે બંને નયોનું જ્ઞાન હોય છે પણ ધર્મ પ્રગટાવવા માટે બંને નયો કદી આદરણીય નથી. વ્યવહારનયના આશ્રયે કદી ધર્મ અંશે પણ થતો નથી, પરંતુ તેના આશ્રયે તો રાગ-દ્વેષના વિકલ્પો જ ઊઠે છે.

છયે દ્રવ્યો, તેના ગુણો અને તેના પર્યાયોના સ્વરૂપનું જ્ઞાન કરાવવા માટે કોઈ વખતે નિશ્ચયનયની મુખ્યતા અને વ્યવહારની ગૌણતા રાખીને કથન કરવામાં આવે, અને કોઈ વખતે વ્યવહારનયને મુખ્ય કરીને તથા નિશ્ચયનયને ગૌણ રાખીને કથન કરવામાં આવે; પોતે વિચાર કરે તેમાં પણ કોઈ વખતે નિશ્ચયનયની મુખ્યતા અને કોઈ વખતે વ્યવહારનયની મુખ્યતા કરવામાં આવે; અધ્યાત્મશાસ્ત્રમાં પણ જીવનો વિકારી પર્યાય જીવ સ્વયં કરે છે તેથી થાય છે અને તે જીવનો અનન્ય પરિણામ છે-એમ વ્યવહારનયે કહેવામાં-સમજાવવામાં આવે; પણ તે દરેક વખતે નિશ્ચયનય એક જ મુખ્ય અને આદરણીય છે એમ જ્ઞાનીઓનું કથન છે. શુદ્ધતા પ્રગટ કરવા માટે કોઈ વખતે નિશ્ચયનય આદરણીય છે અને કોઈ વખતે વ્યવહારનય આદરણીય છે-એમ માનવું તે ભૂલ છે. ત્રણે કાળે એકલા નિશ્ચયનયના આશ્રયે જ ધર્મ પ્રગટે છે એમ સમજવું.

સાધક જીવો શરૂઆતથી અંત સુધી નિશ્ચયની જ મુખ્યતા રાખીને વ્યવહારને ગૌણ જ કરતા જાય છે, તેથી સાધકદશામાં નિશ્ચયની મુખ્યતાના જોરે સાધકને શુદ્ધતાની વૃદ્ધિ જ થતી જાય છે અને અશુદ્ધતા ટળતી જ જાય છે. એ રીતે નિશ્ચયની મુખ્યતાના જોરે પૂર્ણ કેવળજ્ઞાન થતાં ત્યાં મુખ્ય-ગૌણપણું હોતું નથી અને નય પણ હોતા નથી.

# આત્મધર્મ

## [ આવતા અંકે ૩૨ મું વર્ષ પૂરું થાય છે ]

બંધુઓ, દુનિયામાં સર્વોત્કૃષ્ટ નિધાન વીતરાગી દેવ–ગુરુ–ધર્મ છે; આપણા પરમ ભાગ્યથી એ ઉત્કૃષ્ટ નિધાન આજે આપણને મળ્યા છે. તો એ નિધાનને યોગ્ય આપણું હૃદય વિશાળ અને સ્વચ્છ બનાવીએ ને તેમાં એ નિધાનને પધરાવીને તેનો લાભ લઈએ–એ આપણું કર્તવ્ય છે, –સમયમાત્રની આળસ વગર એ કામ કરવાનું છે. એ કાર્ય કરીશું ત્યારે જ આ અમૂલ્ય નિધાનની સાચી કિંમત સમજાશે. ગુરુદેવનો મહાન ઉપકાર છે કે આપણામાં રહેલા નિધાન આપણને બતાવે છે. તેઓ એમ નથી કહેતા કે 'હું તને નિધાન આપું;' –પણ એમ કહે છે કે 'તારા નિધાન તારામાં જ છે, બીજા પાસે તું માગ મા.' આવી રીતે આત્મસન્મુખદ્રષ્ટિ કરાવનારા સંતો આપણને મળ્યા છે, તેમને અનુસરીને આપણે વીતરાગ–જિનમાર્ગમાં પ્રસ્થાન કરવાનું છે.

આજે પૂ. ગુરુદેવ જે વીતરાગ–જિનમાર્ગનો ઉપદેશ આપી રહ્યા છે તેમાંથી મધુર સન્દેશ લઈને આવતું હોવાથી આત્મધર્મ સર્વે જિજ્ઞાસુઓને ખૂબ વહાલું છે, ઉચ્ચ ભાવનાપૂર્વક હજારો વાંચકો તે બહુમાનથી વાંચે છે, મોટા વિદ્વાનો કે નાના બાળકો પણ ઉમંગથી તે વાંચે છે. એ રીતે ગુરુદેવના પ્રતાપે આત્મધર્મ દ્વારા જિનધર્મની મહાન પ્રભાવના થઈ રહી છે. આવતા અંકે આત્મધર્મનું ૩૨ મું વર્ષ પૂરું થાય છે; આવતો અંક દીપાવલીઅંક તરીકે પ્રગટ કરીશું. તે મંગલ અંક અને તેના દ્વારા વીરપ્રભુનો મંગલ સન્દેશ વેલાસર (દિવાળી પહેલાં) આપને પહોંચી જશે. [ અને વિનમ્રભાવે જણાવવાનું કે મારા સંપાદકત્વમાં એ છેલ્લો અંક હશે.)

પૂ. શ્રી કહાનગુરુની મંગલ છાયામાં ચાલતું આપણું આત્મધર્મ ચાર મુખ્ય ઉદ્દેશ ધરાવે છે; સૌથી પહેલું આત્માર્થીતાનું પોષણ; (૨) દેવ–ગુરુ–ધર્મની સેવા; (૩) સાધર્મીઓમાં વાત્સલ્યનો વિસ્તાર અને (૪) બાળકોમાં ધાર્મિક સંસ્કારોનું સીંચન. સંસારના ઝંઝટોને તે કદી સ્પર્શતું નથી; તે સદા પોતાના ઉત્તમ ધ્યેય તરફ જ ચાલ્યું જાય છે.

અધ્યાત્મરસિક ઉચ્ચકક્ષાનો વિશાળ વાચકવર્ગ એ આત્મધર્મનું ગૌરવ છે. અને સૌ સાધર્મીઓ પણ આત્મધર્મને પોતાનું જ સમજીને પ્રેમભર્યો સહકાર અને સૂચનાઓ આપી રહ્યા છે, તે બદલ સૌના આભારી છીએ. जय जिनेन्द्र.

બ્ર. હ. જૈન

પ્રકાશકઃ શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર) ભાદ્ર
મુદ્રકઃ મગનલાલ જૈન, અજિત મુદ્રણાલય, સોનગઢ (સૌરાષ્ટ્ર) પ્રત ૩૧૦૦